

જૂનાગઢ અને ગાંધીનગરથી પ્રસિધ્ધ થતું ગુજરાત અને સૌરાષ્ટ્રનું અગ્રીમ અખબાર

# સૌરાષ્ટ્ર ભૂમિ

દૈનિક

તંત્રી, મુદ્રક, પ્રકાશક, માલિક : અભિજીત કે. ઉપાધ્યાય | સ્થાપક તંત્રી : સ્વ. કાર્તિક આર. ઉપાધ્યાય



**પરશુરામ જયંતી અને અખાત્રીજની હાર્દિક શુભેચ્છાઓ**

Post Regn. G/JND/24 (VALID up to 31-12-2026) RNI Regn. No. 27509/67 • Ph. : (0285) 2621000/ 2651800 / E-mail : saurashtrabhoomi@gmail.com / Website : www.saurashtrabhoomi.com

વર્ષ : ૪૮ અંક : ૧૨૬ જૂનાગઢ તા.૧૦-૦૫-૨૦૨૪ શુક્રવાર પાના : ૮ કિંમત ૧-૫૦ રૂા. ● પ્રકાશન સ્થાન : સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક કાર્યાલય, જેઈલ રોડ, જૂનાગઢ. ગુજરાત ● મુદ્રણ સ્થાન : સોમનાથ પ્રિન્ટર્સ, જેઈલ રોડ, જૂનાગઢ, ગુજરાત (ઈન્ડીયા)

Saurashtra Bhoomi (Daily) Year : 48 Volume : 126, Junagadh : Date : 10 May, 2024, Friday, Pages 8 Price Rs.1.50 • Published from Saurashtra Bhoomi Karyalaya, Jail Road, Junagadh and Printed at : Somnath Printers, Jail Road, Junagadh, Gujarat, India. Editor, Printer, Publisher & Owner : Abhijeet K. Upadhyay


## રાજ્યની ૨૫ આંગડિયા પેઢી પર CID ક્રાઈમના CI સેલના દરોડા

### સીઆઈડી ક્રાઈમના સીઆઈ સેલે ઈન્કમટેક્સ વિભાગને સાથે રાખી કાર્યવાહી કરી : ૧૫ કરોડની રોકડ, સોનુ જપ્ત



અમદાવાદ તા.૧૦

રાજકોટ, અમદાવાદ, સુરત, વડોદરા સહિત રાજ્યની ૨૫ આંગડિયા પેઢી પર દરોડા પાડવામાં આવ્યા છે જેમાં ૧૫ કરોડની રોકડ અને સોનુ કબ્જે કરવામાં આવ્યું છે સીઆઈડી ક્રાઈમના સીઆઈ સેલે ઈન્કમટેક્સ વિભાગને સાથે રાખી આ કાર્યવાહી કરી હતી.

સૂત્રોના જણાવ્યા મુજબ, ગઈકાલે ગાંધીનગર સીઆઈડી ક્રાઈમની ટીમે રાજ્યભરમાંથી ૨૫ આંગડિયા પેઢી પર ઈન્કમટેક્સ વિભાગની ટીમોને સાથે રાખીને દરોડા પાડ્યા હતા. શંકાસ્પદ નાણાંકીય વ્યવહારોને ધ્યાને લઈ કામગીરી કરવામાં આવી હતી. મની લોન્ડરિંગ કે હવાલાના પૈસા હોવાની શંકાએ આ રેડ કરાઈ હતી. આ કામગીરીમાં સીઆઈડી ક્રાઈમના ૪૦ કર્મીઓ જોડાયા હતા.

આ કામગીરી રાજકોટ, જામનગર સહિત રાજ્યના અમદાવાદ, સુરત અને વડોદરામાં કરવામાં આવી છે. આ સિવાય પણ અન્ય શહેરોમાં પણ કાર્યવાહી થઈ હોવાનું જાણવા મળે છે. અમદાવાદ અને સુરતમાંથી અંદાજે રૂ.૧૫ કરોડથી વધુની રોકડ હાથ લાગી છે. આ નાણાકીય વ્યવહાર બેનામી હોવાની શંકા છે. ઉપરાંત સોનું પણ મળી આવ્યું છે. જેની ખરાઈ થઈ રહી છે.

મળતી માહિતી મુજબ, સીઆઈડી ક્રાઈમના સીઆઈ સેલ વિભાગમાં અગાઉ આંગડિયા પેઢીનો ડુપ્લિકેટ એકાઉન્ટનો કેસ નોંધાયો હતો. જેની તપાસમાં બેનામી નાણાંકીય લેવડદેવડની ચેઈન ધ્યાને આવી હતી. જેથી સીઆઈડી ક્રાઈમના ઈન્ચાર્જ આઈજી ચૈતન્ય મંડલીકના માર્ગદર્શનમાં તપાસ આગળ વધતા રાજ્યની ૨૫ આંગડિયા પેઢીના નામ ખુલ્યા હતા. સુત્રોનું માનીએ તો, ચોક્કસ આંગડિયા પેઢી દ્વારા બેનામી નાણાંથી દુબઈમાં હવાલા પાડવામાં આવતા હતા. ઈન્કમટેક્સ વિભાગને સાથે એકસાથે દરોડા પાડવામાં આવ્યા હતા. આ ગેરકાયદે વ્યવહાર હવાલા મારફતે દુબઈ જેવા દેશોમાં કરાયા હોવાનું જાણવા મળી રહ્યું છે.

## કેજરીવાલને જામીન મળશે કે નહીં, સુપ્રિમ કોર્ટ આજે ચુકાદો સંભળાવશે

નવી દિલ્હી તા. ૧૦

આજે દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલે લિકર પોલિસી કેસમાં તિહાર જેલમાં ૪૦ દિવસ પૂરા કર્યા છે. સુપ્રીમ કોર્ટ આજે એટલે કે આજે તેનો ચુકાદો સંભળાવશે કે તેને જામીન આપવામાં આવશે કે નહીં. તેમજ કેજરીવાલે તેમની ધરપકડ વિરુદ્ધ કરેલી અરજી પર પણ આજે સુનાવણી થશે.

## બહારગામની ટ્રેનોમાં દિવ્યાંગો માટેના અલાયદા ક્વોટાને મંજૂરી

નવી દિલ્હી,તા. ૧૦: રેલવે મંત્રાલયે દિવ્યાંગ લોકો માટે ક્વોટાની જાહેરાત કરીને તેમને ખુશખબર આપી છે. રેલવે મંત્રાલયે દિવ્યાંગો માટે ક્વોટાને મંજૂરી આપી છે. રેલવેના નિર્ણય અનુસાર રાજધાની, શતાબ્દી, દુરન્તો, હમસફર, ગતિમાન અને વંદે ભારત સહિત તમામ એક્સપ્રેસ અને મેલ ટ્રેનોમાં દિવ્યાંગ ક્વોટા હશે. રેલવે મંત્રાલય દ્વારા દિવ્યાંગ માટે રિઝર્વ્ડ ક્વોટામાં કરવામાં આવેલા ફેરફાર અનુસાર હવે સ્લીપર કોચમાં ચાર બર્થ રિઝર્વ્ડ રહેશે.

### સામ પિત્રોડા બાદ મણિશંકર ઐયરનો પાકિસ્તાન તરફી પ્રેમ છલકયો

## ભારતે પાકિસ્તાનનું સન્માન કરવું જોઈએ : તેમની પાસે પરમાણુ બોમ્બ છે : મણિશંકર ઐયર

નવી દિલ્હી, તા.૧૦

કોંગ્રેસના મોટા નેતાઓના વાહિયાત નિવેદનો રોજ નવી સમસ્યા ઉભી કરી રહ્યા છે. વારસાગત ટેક્સ અને ભારતીયો વિશે જાતિવાદી ટિપ્પણી કરનાર ઈન્ડીયન ઓવરસીઝ કોંગ્રેસના પૂર્વ અધ્યક્ષ સામ પિત્રોડા બાદ હવે કોંગ્રેસના વધુ એક નેતાનું નિવેદન સામે આવ્યું છે. પાર્ટીના વરિષ્ઠ નેતા મણિશંકર અય્યરે પાકિસ્તાનને લઈને વિવાદિત નિવેદન આપ્યું છે.

મણિશંકર ઐયરે કહ્યું કે ભારતે પાકિસ્તાનનું સન્માન કરવું જોઈએ કારણ કે પાડોશી દેશ પાસે પરમાણુ બોમ્બ છે. જો આપણે તેમનું સન્માન નહીં કરીએ તો તેઓ ભારત પર પરમાણુ હુમલો કરવાનું વિચારી શકે છે.

અય્યરે કહ્યું કે ભારતે એ ન ભૂલવું જોઈએ કે પાકિસ્તાન પાસે પણ પરમાણુ હથિયાર છે. મને સમજાતું નથી કે વર્તમાન સરકાર શા માટે કહે છે કે અમે પાકિસ્તાન સાથે વાત નહીં કરીએ કારણ કે ત્યાં આતંકવાદ છે.

એ સમજવું જરૂરી છે કે આતંકવાદને ખતમ કરવા માટે ચર્ચા ખૂબ જ જરૂરી છે. નહીં તો પાકિસ્તાન વિચારશે કે ભારત ઘમંડી રીતે આપણને દુનિયામાં નાનું દેખાડી રહ્યું છે. આવી સ્થિતિમાં પાકિસ્તાનનો કોઈપણ પાગલ આ બોમ્બનો ઉપયોગ કરી શકે છે. અય્યરે કહ્યું કે ભાજપ કહે છે કે આતંકવાદ અને મંત્રણા સાથે ન ચાલી શકે. પરંતુ વાતચીતથી જ આતંકવાદનો અંત આવશે. કોંગ્રેસ નેતા કહે છે કે આપણે વિચારવું પડશે કે આપણી સમસ્યાઓ કેવી રીતે હલ થશે. હું શું કહું છું કે તમે નફરત બતાવીને અથવા બંદૂક બતાવીને પરિસ્થિતિને સુધારી શકતા નથી. આપણે સમજવું પડશે કે પાકિસ્તાન પણ એક સાર્વભૌમ રાષ્ટ્ર છે, તેનું સન્માન પણ છે. તેમનું માન જાળવીને આપણે તેમની સાથે કડકાઈથી વાત કરવી જોઈએ. હવે શું થઈ રહ્યું છે અમે વાત નથી કરી રહ્યા, આનાથી તણાવ વધી રહ્યો છે. અય્યરે કહ્યું કે અમે ભારત અને પાકિસ્તાન વચ્ચેના સંબંધોને મજબૂત કરવા માટે ખૂબ જ મહેનત કરી છે. પરંતુ છેલ્લા ૧૦ વર્ષથી તમામ વાતો બંધ છે. જ્યારે બીજી વ્યક્તિ પાસે તાયુઓ ન હોય ત્યારે આપણે તાયુઓ (તાકાત) બતાવવી જોઈએ. તેના તાયુઓ કહુટા, રાવલપિંડીમાં પડેલા છે. ગેરસમજ ફેલાશે તો ઘણી તકલીફ થશે.

### રતલામના કોંગ્રેસના ઉમેદવારની ચોંકાવનારી જાહેરાત

## જેમની બે પત્ની છે, તેમને કોંગ્રેસ દર વર્ષે બે લાખ રૂપિયા આપશે

રતલામ,તા. ૧૦: કોંગ્રેસના પૂર્વ કેન્દ્રીય મંત્રી અને રતલામના લોકસભા ઉમેદવાર કાંતિલાલ ભૂરિયા એ ચોંકાવનારનું નિવેદન કર્યું છે. તેમણે બે પત્નીવાળાને બે લાખ રૂપિયા આપવાની જાહેરાત કરી છે. પ્રદેશ અધ્યક્ષ જીતૂ પટવારી અને પૂર્વ મુખ્યમંત્રી દિગ્વિજય સિંહની ઉપસ્થિતમાં ભૂરિયાએ આપેલું નિવેદન ઝડપથી વાયરલ થઈ રહ્યું છે.

મધ્યપ્રદેશના કદાવર આદિવાસી નેતા કાંતિલાલ ભૂરિયાએ આજે એક જનસભા સંબોધી હતી, જેમાં તેમણે કહ્યું કે, જેમની બે પત્ની છે, તેમને દર વર્ષે બે લાખ રૂપિયા અપાશે. આ ઉપરાંત કોંગ્રેસના ચૂંટણી ઢંઢેરામાં તમામ મહિલાઓના એકાઉન્ટમાં એક-એક લાખ રૂપિયા આપવાની વાત કહેવાઈ છે. ભૂરિયાના વિવાદાસ્પદ નિવેદનની ખાસ વાત એ છે કે, પ્રદેશ અધ્યક્ષ જીતૂ પટવારીએ પણ તેમની જાહેરાતને સમર્થન આપ્યું છે. રતલામના સેલામાં યોજાયેલી ચૂંટણી સભામાં ઉપસ્થિત રહેલા જીતૂ પટવારીએ ભૂરિયાના નિવેદનને સમર્થન આપ્યું અને કહ્યું કે, તમારા ભાવી સાંસદ ભૂરિયાજીએ ભયંકર ઘોષણા કરી છે. જેમની બે પત્નીઓ છે, તેમને ડબલ.

## હર હર મહાદેવના નાદ સાથે કેદારનાથના કપાટ ખૂલ્યા ૧૦ હજાર શ્રદ્ધાળુઓના જયકારથી ગુંજી ઊઠી દેવભૂમિ



દેહરાદૂન તા. ૧૦

ઉત્તરાખંડની ચાર ધામ યાત્રા આજથી શરૂ થઈ ગઈ છે. કેદારનાથના દરવાજા આજે સવારે ૬:૫૫ વાગ્યે ખોલવામાં આવ્યા હતા. હજારો શ્રદ્ધાળુઓની સાથે સીએમ પુષ્કર સિંહ ધામી પણ તેમની પત્ની સાથે દર્શન માટે પહોંચ્યા હતા.

કેદારનાથમાં પહેલા જ દિવસે ભારે ભીડને કારણે અરાજકતા જોવા મળી હતી. એકસાથે યાત્રાળુઓ આવવાના કારણે વહીવટીતંત્રને મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે. કેદારનાથ ઉપરાંત ગંગોત્રી અને યમુનોત્રીના દરવાજા પણ આજે ખુલશે. જ્યારે બદ્રીનાથ મંદિરમાં ૧૨ મેથી દર્શન શરૂ થશે.

આ સ્થળોએ દિવસનું તાપમાન ૦ થી ૩ ડિગ્રી નોંધાઈ રહ્યું છે. આ સાથે જ રાત્રે તાપમાનનો પારો માઈનસ પર પહોંચી રહ્યો છે. આમ છતાં લગભગ ૧૦ હજાર શ્રદ્ધાળુઓ કેદારનાથ ધામ પહેલા ૧૬ કિમી દૂર ગૌરીકુંડ પહોંચી ગયા છે.પ્રવાસન સચિવ સચિન કુર્વેના જણાવ્યા અનુસાર, એક દિવસમાં ૧૫ હજાર શ્રદ્ધાળુઓ કેદારનાથ ધામના દર્શન કરી શકશે, ૧૬ હજાર લોકો બદ્રીનાથ ધામના દર્શન કરી શકશે, ૯ હજાર શ્રદ્ધાળુઓ યમુનોત્રીના દર્શન કરી શકશે અને ૧૧ હજાર લોકો દર્શન કરી શકશે. ગંગોત્રીની મુલાકાત લો. એટલે કે દરરોજ ૫૧ હજાર લોકો ચાર ધામની મુલાકાત લેશે.

## તા.૧૧ થી ૧૩ સુધી નર્મદા, તાપી, ડાંગ, સુરત સહિતનાં જિલ્લામાં વરસાદ પડશે

અમદાવાદ તા.૧૦

ગુજરાતમાં છેલ્લા ઘણા દિવસથી આકરી ગરમી પડી રહી છે. અંગ દજાડતી ગરમીમાં બપોરે રસ્તાઓ સુમસામ જોવા મળે છે. લોકો ઘરની બહાર જવાનું પણ ટાળે છે. જોકે આ વચ્ચે હવામાન વિભાગે ગરમીથી રાહતની આગાહી કરી છે. ગુજરાત પર એકસાથે ચાર સક્રિય સિસ્ટમ વરસાદ લાવશે. જેના કારણે લોકોને ગરમીથી આંશિક રાહત મળવાની શક્યતા છે. હવામાન વિભાગે આગાહી કરી રાજ્યમાં બે દિવસ ગરમીથી કોઈ રાહત મળશે નહીં. જોકે ૩ દિવસ બાદ પ્રીમોન્સૂન એક્ટિવિટી શરૂ થશે. જે બાદ રાજ્યમાં વરસાદ આવશે. હાલ રાજસ્થાનની ઉપર બે, મધ્યપ્રદેશ ઉપર એક અને અરબસાગર ઉપર એક સિસ્ટમ સક્રિય થઈ છે, જે ગુજરાતમાં વરસાદ લાવશે. એવામાં ૧૧થી ૧૩ મે સુધી રાજ્યના અનેક જિલ્લાઓમાં વરસાદ આવી શકે છે.

હવામાન વિભાગ મુજબ, ૧૧ મેએ નર્મદા, તાપી, ડાંગ, વલસાડ, દમણ, દાદાર નગર હવેલીમાં પવન સાથે વરસાદ રહેશે. આ બાદ ૧૨ મેના રોજ અરવલ્લી, સાબરકાંઠા, દાહોદ, છોટા ઉદેપુર, નર્મદા, તાપી, ડાંગ, વલસાડ અને દમણમાં વરસાદની આગાહી છે. તો ૧૩મી મેના રોજ સુરત, નર્મદા, દાહોદ, વલસાડ, નવસારી, દમણ અન દાદારા નગર હવેલી, તથા સાબરકાંઠા સહિતના જિલ્લાઓમાં વરસાદ પડી શકે છે.


**ખોડલધામ ટુર**

**મથુરભાઈ વાગડીયા**

**જૂનાગઢ. મો. ૮૦૦૦૦ ૧૧૭૨૭**

**(૧) ચાલો ઉત્તરાખંડ ચારધામ**

ગંગોત્રી, જમનોત્રી, કેદારનાથ, બદ્રીનાથ, હરીદ્વાર, ગોકુલ, મથુરા,

પ્ર. દિવ. ૧૮ ઉ. તા. ૧૫-૫-૨૦૨૪

**(૨) ચાલો અમરનાથ બર્ફિલા મહાદેવ**

વૈશ્નોદેવી, શ્રીનગર, અમૃતસર, વાઘા બોર્ડર

પ્ર. દિવ. ૧૫ ઉ. તા. ૧-૭-૨૦૨૪

**(૩) ચાલો અયોધ્યા બનારસ ગયા**

ઉજ્જૈન, ચિત્રકુટ, અલહાબાદ, હરીદ્વાર, ગોકુલ, મથુરા, પૂષ્કર, શ્રીનાથજી

પ્ર.દિવ.૧૫ ઉ. દરમહિને


### ગુજરાતની સ્કૂલોને મળેલી બોમ્બની ધમકી મુદ્દે મોટો ખુલાસો

## પાકિસ્તાનથી ઈ-મેઈલ થયા હોવાનો અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચનો દાવો

અમદાવાદ તા. ૧૦


દિલ્હી જેવી ઘટનાનું પુનરાવર્તન ગુજરાતમાં થયું હતું. ગુજરાતમાં લોકસભા ચૂંટણીના મતદાનના આગલા દિવસે એટલે કે ૬ મેના રોજ અમદાવાદની ૨૮થી વધુ સ્કૂલને બોમ્બથી ઉડાવી દેવાની એક બાદ એક સ્કૂલને ઈ-મેઈલ દ્વારા ધમકી મળી હતી. ધમકીવાળી સ્કૂલો પર પોલીસે જઈ ચેકિંગ કર્યું હતું. બોમ્બ ડિસ્પોઝલ સ્કવોડે પણ ઘટનાસ્થળે ચેકિંગ કર્યું હતું. જો કે, તપાસમાં પોલીસને કઈ મળ્યું નહોતું. જો કે, આ કેસમાં અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચે ઈ-મેઈલ પાકિસ્તાનથી થયા હોવાનો દાવો કર્યો છે. અગાઉ રશિયન ડોમેઈનનો દાવો કરવામાં આવ્યો હતો.

દિલ્હી અને ગુજરાતમાં સ્કૂલોને ઉડાડી દેવાની ધમકી આપનાર ઈ-મેઈલ મળ્યા બાદ અલગ અલગ એજન્સી દ્વારા તપાસ કરવામાં આવી રહી હતી. જેમાં ખાસ કરીને અમદાવાદમાં ૨૮થી વધુ સ્કૂલોને ઉડાડી દેવાની ધમકી મળ્યા બાદ તપાસ પહેલા પોલીસે કહ્યું હતું કે, આ ઈ-મેઈલ રશિયન ડોમેનથી થયા છે અને હવે આ ઈ-મેઈલ પાકિસ્તાનથી થયા હોવાનું ક્રાઈમ બ્રાન્ચ કહી રહી છે. એક અઠવાડિયામાં આ કેસની તપાસ રશિયાથી પાકિસ્તાન થઈ હોવાની વિગતો સામે આવી છે. હવે આ કેસમાં વધુ મદદ માટે સેન્ટ્રલ એજન્સીની મદદ લેવામાં આવે તેવી પણ વિગતો સામે આવી રહી છે.

ગુજરાતમાં તાજેતરમાં ચૂંટણીના એક દિવસ પહેલા ધમકીભર્યા ઈ-મેઈલ અમદાવાદ શહેરની અલગ-અલગ સ્કૂલમાં આવ્યા હતા અને તેની સાથે આ ઈ-મેઈલની સંખ્યા ૨૮થી વધુ થઈ ગઈ હતી.

એટલે કે, ૨૮થી વધુ સ્કૂલોમાં ધમકીભર્યા ઈ-મેઅલ મળ્યા હતા અને તેમાં ધમકીભર્યો મેઈલ વિદેશમાંથી થયો હોવાનું ક્રાઈમ બ્રાન્ચ જણાવી રહી હતી. ક્રાઈમ બ્રાન્ચે જણાવ્યું હતું કે, રશિયન ડોમેનથી ઈ-મેઈલ થયા હતા.

## મોદી સરકારની વિદેશ નીતિ રંગ લાવી : ઈરાને પાંચ ભારતીયોને છોડ્યા : હજુ ૧૧ ક્રૂ મેમ્બર ઈરાનની કેદમાં



ઈસ્તંબુલ તા. ૧૦

ઈરાને ઈઝરાયલના કન્ટેનર જહાજ **MSC** એરીઝમાંથી પાંચ ભારતીયોને મુક્ત કર્યા છે. ગુરુવારે, ઈરાનમાં ભારતીય દૂતાવાસે કહ્યું કે પાંચેય ભારત જવા રવાના થઈ ગયા છે. અગાઉ ૧૮ એપ્રિલે મહિલા કેડેટ એન ટેસા જોસેફને મુક્ત કરવામાં આવી હતી. ૧૧ ભારતીય ક્રૂ મેમ્બર હજુ પણ ઈરાનમાં કેદ છે.

ઈરાનમાં ભારતીય દૂતાવાસે આ સહયોગ માટે ઈરાનના અધિકારીઓનો આભાર માન્યો છે. ખરેખરમાં ઈઝરાયલ પર હુમલા પહેલા ઈરાને ઓમાનની ખાડીમાં હોર્મુઝ પાસથી ભારત આવી રહેલા પોર્ટુગીઝ ધ્વજવાળા જહાજને જપ્ત કર્યું હતું. આ માહિતી ૧૩ એપ્રિલે આપવામાં આવી હતી. તેમાં ૨૫ ક્રૂ મેમ્બર્સ હાજર હતા, જેમાંથી ૧૭ ભારતીય અને બે પાકિસ્તાની હતા. આ જહાજ ઈઝરાયલના ઉદ્યોગપતિનું હતું

ભારતના વિદેશ મંત્રાલયે જોસેફની મુક્તિ પર કહ્યું હતું કે ભારત સરકાર જહાજ પર હાજર બાકીના ૧૬ ભારતીયોના સંપર્કમાં છે. ક્રૂના તમામ સભ્યો સ્વસ્થ છે અને ભારતમાં તેમના પરિવારના સંપર્કમાં છે. આ લોકોના ઘરે પરત ફરવા માટે ઈરાનના અધિકારીઓ સાથે વાતચીત ચાલી રહી છે.


**૧૦૦% નહીં ૧૫૦% ની મની ગેરંટી**

**૧૦૦% નહીં ૧૫૦% ની મની ગેરંટી સાથે સંપૂર્ણ આર્યુવેદિક ઔષધી યુક્ત ફાકી ડાયાબિટીસ, હૃદય રોગ, પેટના રોગો, વજન વધારે, પગના અને સ્નાયુના દુખાવા, સંધિવા, કબજિયાત, કોલેસ્ટ્રોલ માટે**

**ફાયદા :**

(૧) - ડાયાબીટીસ નાં દર્દીઓ માટે આ ફાકી સ્વર્ગ સમાન છે.. જેમાં આ ફાકી ૧.૫ માસ (દોઢ માસ), રેગ્યુલર લેવાથી ડાયાબટીસ સંપૂર્ણ કંટ્રોલ થઈ જાય છે. શરીરમાં તાજગી અને સ્ફૂર્તિનો નો અનુભવ થાય છે..

(૨) જે લોકોનું વજન ખૂબ વધારે છે તે લોકો આ ફાકી બે મહિના રેગ્યુલર લેવાથી ૧૦૦% વજન ઘટેછે તેની મની બેક ગેરંટી, આ ફાકી લેવાથી કોઈપણ જાતની આડઅસર થતી નથી, ચરબી ઓગળી નાખે છે. અને શરીરમાં તાજગી અને સ્ફૂર્તિનો અનુભવ થાય છે. શરીર સ્લિમ થઈ જાય છે.

(૩) જે લોકોને વર્ષો જૂની કબજિયાત છે, ગેસ, એસિડિટી, પાચનતંત્ર નબળુ હોય, તે લોકો આ ફાકી ફકત એક મહિનામાં પોતાની કમાલ દેખાડે છે..

(૪) જે લોકોને ગોઠણના પગના સાંધાના દુઃખાવા, થોડું ચાલવાથી થાક લાગવો, કમરના દુખાવા કે કોઈપણ જાતના શરીરમાં દુખાવો આ ફાકી એક મહિનો લેવાથી તેમની દર્દ પીડા દૂર થાયછે..

**નોંધ : આ ફાકીમાં સ્ટીરોડ કે પેઈન કિલર દવાનો ઉપયોગ કરવામાં આવતો નથી. આ ફાકીનું રીઝર્ટ એક મહિનામાં મળશે**

**:: ફોન કરવા માટેનો સમય ::**

**સવારે ૧૦ થી ૧:૩૦ સુધી - સાંજે ૫ થી. ૮:૩૦ સુધી જ**

**૧૫ દિવસ ની ફાકી ની કિંમત ૨૨૫/-**

**૧ મહિનાની ફાકી ની કિંમત ૪૫૦/-**

ફાકી લેવાની રીત :- સવારે નવશેકા પાણીમાં એક ચમચી લઈ શકાય... (આ આર્યુવેદીક ફાકી લેવાથી કોઈપણ જાતની આડઅસર થતી નથી.)

આ એક જ ફાકી તમામ દર્દમાં ફાયદો કરે છે

**આ ફાકી અન્ય કોઈ જગ્યાએ મળશે નહી**

**સંપર્ક : મો. ૯૩૭૬૬ ૦૫૫૬૨**

**જૂનાગઢ**

**ડુપ્લેક્ષ મકાન વેચવાનું છે**

૪ રૂમ, ૨ કિચન, ૨ સંડાસ, - ૨ બાથરૂમ

પ્રાઈવેટ પાણીનાં બોર સાથે

બસસ્ટેન્ડની બાજુમાં, ગીરીરાજ રોડ, મોહનનગર, જૂનાગઢ

**: સંપર્ક :**

**નિલેશભાઈ મિસ્ત્રી - જૂનાગઢ**

**મો. ૮૪૯૦૮ ૬૬૬૩૦**

**(લાલાભાઈ ધ્રાંગધ્રા)**

**મો. ૯૯૭૯૪ ૫૮૬૦૦**

**તમામ પ્રકારનાં હઠીલા રોગોની આર્યુવેદીક પધ્ધતિથી સારવાર માટે નિષ્ણાંત**

**(કેન્સરનાં દર્દીઓ અવશ્ય સંપર્ક કરે)**


**ડૉ. ધવલ સંઘવી**

**ઈમ્યુનિટા લ્યો.. સંક્રમણથી બચો**

બી.એ.એમ.એસ. (B.V.P.U.), Pune

સૌરાષ્ટ્રમાં સૌ પ્રથમ જૂનાગઢ ખાતે નાડી પરીક્ષણથી નિદાન તેમજ અપાતી સારવાર

એપોઈન્ટમેન્ટ :- જૂનાગઢ. મો.: ૯૩૨૮ ૫૫૪૩૪૩




**તમામ પ્રકારનાં રોગોની આયુર્વેદિક પદ્ધતિથી સારવાર કરવાનાં નિષ્ણાંત**

વર્તમાનમાં કોરોનાથી બચવા અને સંક્રમણને અટકાવવા તેમજ રોગપ્રતિકારક શકિત વધારવા માટે ઈમ્યુનિટાનું નિયમિત સેવન કરો અને સ્વસ્થ રહો.... દવા એક ફાયદા અનેક

**દરેક જગ્યાએ ઉપલબ્ધ**

કલીનીક : ઝાંઝરડા બાયપાસ ચોકડી, ત્રીજો માળ, ૯ સ્કવેર બિલ્ડીંગ, કે.જે. હોસ્પીટલ પાસે, જૂનાગઢ

સમય : સવારે ૧૦ થી ૨ સાંજે : ૫ થી ૭.૩૦ સુધી

**અગાઉથી એપોઈન્ટમેન્ટ લેવી...**



# રાજકોટ જીલ્લાના વિકાસના વિશ્વાસ સાથે મતદાતાઓએ શાંતિપૂર્ણ મતદાન કરવા બદલ આભાર વ્યક્ત કરતું જીલ્લા ભાજપ



(પંકજ ઝીબા દ્વારા)

રાજકોટ તા. ૧૦

વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીજીના નેતૃત્વમાં ભારતીય જનતા પાર્ટીનો ગઢ ગણાતા ગુજરાતમાં લોકસભાનું ત્રીજા તબક્કાનું મતદાન ગુજરાતની ૨૫ લોકસભા બેઠક પર યોજાયું હતું. જેમાં વિકાસમાં ભાગીદાર બનવા ભારત દેશફરી વિશ્વગુરૂ બનવા તરફ જઈ રહેલા વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીજીના અથાગ પ્રયત્નોના નેતૃત્વમાં ૪૦૦થી વધુ બેઠકો મળે તે માટે રાજકોટ જીલ્લાના સમજદાર મતદારોએ દેશના વિકાસ માટે શાંતિપૂર્ણ મતદાન કર્યું તે બદલ૧૦-રાજકોટ અને ૧૧-પોરબંદર લોકસભાના મતદારોનો જાહેર આભાર વ્યક્ત કરતા રાજકોટ જીલ્લા ભાજપ પ્રભારી ધવલભાઈ દવે, જીલ્લા અધ્યક્ષ અલ્પેશભાઈ ઢોલરીયા, જીલ્લા મહામંત્રી નરેન્દ્રસિંહ જાડેજા, હરેશભાઈ હેરભા, રવિભાઈ માંકડિયાએ જણાવ્યું હતું કે, ૧૦-રાજકોટ અને ૧૧-પોરબંદર લોકસભા વિસ્તારના મતદારોએ તમામ જ્ઞાતિ-જાતીના રાજકારણથી ઉપર ઉઠીને હંમેશા ભાજપા ઉપર વિશ્વાસ રાખેલ છે જે ભારતીય જનતા પાર્ટીએ કરેલા પ્રજાહિત કરેલા કામો અને દેશના વિકાસનું પ્રતિબિંબ બતાવે છે.

ભવ્ય અને દિવ્ય ભારતના નિર્માણ માટે રાજકોટ ૧૦-રાજકોટ અને ૧૧-પોરબંદરનો પ્રત્યેક કાર્યકર પરિશ્રમની પરાકાષ્ઠા સર્જીને જન-જન સુધી સરકારની પ્રજાલક્ષી, વિકાસલક્ષી યોજનાઓ પહોચાડી ભારત દેશને ફરી વિશ્વગુરૂ બનાવવા માટે પોતાનું યથાશક્તિ તન, મન,ધનથી યોગદાન આપનાર રાજકોટ જીલ્લા ભાજપાના હોદેદારો, મંડલના હોદેદારો, મોરચાના હોદેદારો, પ્રેસ-મીડિયા, આઈ.ટી.સોશિયલ મીડિયા, સંગઠનના પાયાના કાર્યકર્તાઓનો આભાર વ્યકત કરી ગુજરાતની તમામ લોકસભાની બેઠકો પર ભારતીય જનતા પાર્ટીનો કેશરિયો લહેરાશે તેવો વિશ્વાસ વ્યક્ત કર્યો હતો.

# ગીર સોમનાથ જીલ્લામાં ધો. ૧૨ સામાન્ય પ્રવાહનું ૯૨.૯૧ ટકા તથા વિજ્ઞાન પ્રવાહનું ૮૦.૪૬ ટકા પરિણામ



(પ્રતિનિધિ દ્વારા)

પ્રભાસ પાટણ તા. ૧૦

ગીર સોમનાથ જીલ્લામાં ધો.૧૨ ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડ ગાંધીનગરની માર્ચ મહિનામાં લેવામાં આવેલી ધો.૧૨ વિજ્ઞાન પ્રવાહ, સામાન્ય પ્રવાહ, વ્યવસાયલક્ષી પ્રવાહ, ઉત્તર બુનિયાદી પ્રવાહ પરીક્ષા, ગુજકેટ ૨૦૨૪નું પરિણામ ગઈકાલે જાહેર થતાં ગીર સોમનાથ જીલ્લાનું વિજ્ઞાન પ્રવાહમાં ૮૦.૪૬ ટકા પરિણામ આવેલ છે. જયારે સામાન્ય પ્રવાહમાં જીલ્લાનું ૯૨.૪૧ ટકા પરિણામ આવેલ છે. સામાન્ય પ્રવાહમાં વેરાવળ ખંઢેરી કેન્દ્રનું સૌથી વધુ પરિણામ ૯૮.૩૮ ટકા જયારે ગુંદરણ કેન્દ્રનું પરિણામ ૮૨.૯૬ ટકા સૌથી ઓછું આવેલ હતું. ઘુંસીયા ગીરનું ૯૩.૨૧ ટકા સૌથી વધુ પરિણામ જયારે સૌથી ઓછું કોડીનાર કેન્દ્રનું ૭૨.૭૦ ટકા, જીલ્લામાં ધો.૧૨ સાયન્સમાં ૧૩૯૨ વિદ્યાર્થીઓએ પરીક્ષા આપી હતી જેમાં વેરાવળની દર્શન માધ્યમિક શાળાના ચાર વિદ્યાર્થીઓએ એ-૧ ગ્રેડ મેળવ્યો હતો.

# જૂનાગઢ જિલ્લામાં તા.૨૮ મે સુધી હથિયારબંધી આદેશ જારી

જૂનાગઢ તા. ૧૦

હાલમાં જિલ્લા તેમજ સ્થાનિક/તાલુકા કક્ષાએ આવેલ વિવિધ સરકારી કચેરીઓ સમક્ષ રજુઆતના બહાને ઉપવાસ, ધરણા, દેખાવો, સુત્રોચ્ચાર જેવા કૃત્યો કરી પોતાનો વિરોધ દર્શાવતા હોય છે. સરકારી કચેરીઓમાં રોજીંદી કાર્યવાહીમાં રૂકાવટ ઉભી થતી હોય છે. આવા પ્રસંગે કાયદો અને વ્યવસ્થાના પ્રશ્નો ઉદભવે છે. જેથી તે બાબતોનું નિયમન કરવા આવી પ્રવૃતિઓ નિવારી શકાય તે માટે અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ દ્વારા જાહેરનામું બહાર પાડવામાં આવ્યું છે.

આ જાહેરનામા મુજબ સમગ્ર જિલ્લામાં શસ્ત્ર, દંડા, તલવાર, ભાલા, ચપ્પુ, લાકડી અથવા શારીરીક હિંસા પહોંચાડવામાં ઉપયોગી થઈ શકે તેવી બીજી કોઈ ચીજો લઈ જવી નહિ.પથ્થરો અથવા બીજા શસ્ત્રો ફેંકવા અથવા નાખવામાં ઉપયોગી હોય તેવા યંત્રો અથવા સાધનો લઈ જવા,એકઠા કરવા તથા તૈયાર કરવા નહિ.વ્યક્તિઓ અથવા શબ અથવા આકૃતિઓ વાળા પૂતળા દેખાડવા નહિ.અપમાન કરવા અથવા જાહેર કરવાના ઈરાદાથી જાહેર બિભસ્ત સૂત્રો પોકારવા નહિ. અસ્લીલ ગીતો ગાવા નહિ.જેનાથી સુરૂચીનો શાંતિનો ભંગ થાય તેવું ભાષણ કરવું નહિ,તેવા હાવ ભાવ કરવા નહિ,તેવી ચેષ્ટા કરવી નહિ તથા ચિત્રો,પ્લેકાર્ડ અથવા બીજા કોઈ પદ્રથ અથવા વસ્તુઓ કરવી નહિ.

આ હુકમ સરકારશ્રીની નોકરીમાં કામ કરતી કોઈ વ્યક્તિ કે જેના ઉપરી અધિકારીઓને ફરમાવ્યા હોય અથવા આવા કોઈ હથિયાર લઈ જવાની તેમની ફરજ હોય.જિલ્લા પોલીસ અધિકારીશ્રીએ જે તે શારીરિક અશક્તિને કારણે લાઠી લઈ જવાની અથવા શુભ હેતુથી ધંધો કરવાની પરવાનગી આપી હોય તે વ્યક્તિ.ખેડૂતો પોતાના ખેતીકામ માટે ખેતીના ઓજારો લઈ જવામાં હાડમારી ન થાય, તે અને રોજિંદા કામ કરી શકે તે આશયથી ખેડૂતો પોતાના ઓજારો ખેતીકામ માટે લઈ જતા હોય તેને લાગૂ પડશે નહિ. આ જાહેરનામું તાત્કાલીક અસર થી તા.૨૮/૫/૨૦૨૪ દિવસ સુધી અમલમાં રહેશે.

# ધો.૧૨ માં ઉતિર્ણ થયેલ વિદ્યાર્થીઓને જેસીઆઈ દ્વારા શુભેચ્છાઓ પાઠવવામાં આવી

જૂનાગઢ તા. ૧૦

જેસીઆઈ જૂનાગઢ દ્વારા વિદ્યાર્થીઓના અગત્યના અભ્યાસ વર્ગ ધોરણ ૧૨ સામાન્ય અને વિજ્ઞાન પ્રવાહનું પરિણામ ખૂબ જ ઉત્સાદાયક આવેલ છે. વિજ્ઞાન પ્રવાહનું ૮૨.૪૫ ટકા અને સામાન્ય પ્રવાહનું રેકોર્ડ બ્રેક ૯૧.૯૩ ટકા જાહેર થતાં વિદ્યાર્થીઓમાં હર્ષની હેલી પ્રસરી ગઈ છે. ઉત્તીર્ણ થયેલા સર્વ વિદ્યાર્થીઓને જેસીઆઈ જૂનાગઢના પ્રેસિડેન્ટ ચિરાગ કડેચા, મેન્ટર અરવિંદભાઈ સોની, ડાયરેક્ટર કિશોર ચોટલીયા, યતીન કારીયા,(ZVP) પાર્થ પરમાર,(G&D), વિરલ કડેચા,(મિશન વન લાખ), ચેતન સાવલિયા, સેક્રેટરી અભિષેક શિશાંગીયા, રાજેશ પુરોહિત,ગોપાલ હિંડોચા દ્વારા ખૂબ ખૂબ અભિનંદન સહ શુભેચ્છા સાથે સર્વ વિદ્યાર્થીઓને સફળ ભવિષ્ય માટે હાર્દિક શુભકામનાઓ પાઠવવામાં આવી છે. ધોરણ ૧૦ નું પરિણામ તા. ૧૧/૫/૨૦૨૪ શનિવારે ડિકલેર થવાનું છે તે સર્વ વિદ્યાર્થીઓને બેસ્ટ ઓફ લક અને શુભેચ્છાઓ પાઠવેલ છે. વિદ્યાર્થીઓ માટે જેસીઆઈ દ્વારા રાહત દરે ફુલસ્કેપ ચોપડા (નોટબુક) ઊંચામાં ઊંચી ક્વોલિટી નીચામાં નીચા દામ સાથે ટૂંક સમયમાં જ વિતરણ શરૂ કરવામાં આવશે. માટે નોટબુક ખરીદતા પહેલા થોડા સમય માટે થોભો અને રાહ જુઓ તેમ એક યાદીમાં જણાવેલ છે.

# ઓખામઢી નજીક પીકઅપ વાહને બાળકીને હડફેટે લેતા મોત નિપજ્યું



(પ્રતિનિધિ દ્વારા)

દ્વારકા તા. ૧૦

દેવભૂમિ દ્વારકા જિલ્લાના ઓખામઢી નજીક એક પીકઅપ વાહને બાળકીને હડફેટે લેતાં ઘટનાસ્થળે જ તેનું મૃત્યુ નીપજયું હતું બનાવની જાણ થતાં ૧૦૮ તેમજ પોલીસ ઘટના સ્થળે દોડી ગઈ હતી.

આ અંગેની પ્રાપ્ત માહિતી મુજબ દેવભૂમિ દ્વારકા જિલ્લાના ઓખા મઢી નજીક એક દૂધ ભરેલા પીકઅપ વાહને બાળકીને હડફેટે લીધી હતી. જેમાં તેને માથામાં ગંભીર ઈજાઓ થતાં ઘટના સ્થળે તેણીનું મૃત્યુ નીપજયું હતું. આ બનાવ અંગે ઓખામઢી ટોલ પ્લાઝાના મેનેજર પબુભા કાજરાને જાણ થતાં તેઓએ તાત્કાલિક એમ્બ્યુલન્સ ઘટના સ્થળે દોડાવી હતી. અને બાળકીના મૃતદેહને નજીકની હોસ્પિટલે પહોંચાડ્યો હતો. દરમ્યાન આ બનાવની પોલીસને જાણ થતાં પોલીસ ટીમ ઘટના સ્થળે તેમજ હોસ્પિટલ ખાતે દોડી જઈ આગળની કાર્યવાહી હાથ ધરી હતી.

# ગલિયાવાડા સ્થિત રાબિયા હાઈર સેકન્ડરી સ્કૂલનું ધો. ૧૨નું ૧૦૦ ટકા જ્વલંત પરિણામ

જૂનાગઢ તા.૧૦

દારૂલ ઉલૂમ ફયઝૂરરહેમાન ટ્રસ્ટ - જૂનાગઢના દિકરીઓ માટેના શૈક્ષણિક સંકુલ આઈશા કેમ્પસ,ગલિયાવાડાની રાબિયા હાયર સેકન્ડરી સ્કુલનું એચ. એસ. સી. બોર્ડ -૨૦૨૪ નું પરિણામ ૧૦૦% આવેલ છે. જે બદલ મેનેજીંગ ટ્રસ્ટી હઝરત યાકુબ સિદિકી દ્વારા સમગ્ર આઈશા કેમ્પસ સ્ટાફ ગણને મુબારક બાદ આપવામાં આવેલ છે. શાળાની ૩ દિકરીઓએ ૮૦% થી વધુ, ૫ દીકરીઓએ ૭૦% થી વધુ અને બાકીની તમામ દિકરીઓએ ૬૦% થી વધુ માર્ક્સ મેળવેલ છે તેમ સંસ્થાના કેમ્પસ ઈન્ચાર્જ મોહસીનાબેન સિદિકી અને પ્રિન્સિપાલ નફીશાબેન ચૌહાણ દ્વારા અખબારી યાદીમાં જણાવવામાં આવેલ છે.

### ખાણીપીણીની શોખીનો માટે મોટો ઝટકો

# ડુંગળી-બટાકા, ટામેટાના ભાવ વધતા મોંઘી થઈ ગઈ વેજ-થાળી

## શાકભાજીના ભાવમાં વધારાને કારણે શાકાહારી થાળીમાં ૮ ટકાનો વધારો : માંસાહારી થાળીની કિંમતમાં ઘટાડો

નવી દિલ્હી, તા.૧૦

રેટિંગ એજન્સી ક્રિસિલે એક રિપોર્ટ જાહેર કર્યો છે, જે અત્યંત ચોંકાવનારો છે. આ રિપોર્ટમાં કહેવામાં આવ્યું છે કે ડુંગળી, ટામેટા અને બટાકાની કિંમતના કારણે એપ્રિલમાં ઘરમાં બનેલી શાકાહારી થાળીની કિંમત ૮ ટકા વધીને ૨૭.૪ રૂપિયા થઈ ગઈ છે. જ્યારે ગયા વર્ષે આ મહિનામાં તેની કિંમત ૨૫.૪ રૂપિયા હતી. રેટિંગ એજન્સી ક્રિસિલના ’રોટી ચાવલ રેટ’ રિપોર્ટ અનુસાર, નોનવેજ ચાહકો માટે સારા સમાચાર છે. કારણ કે, સસ્તા બ્રોઈલરને કારણે માંસાહારી થાળીની કિંમતમાં મોટો ઘટાડો થયો છે. આ સમયગાળા દરમિયાન માંસાહારી થાળીની કિંમત ૫૮.૯ રૂપિયાથી ૪ ટકા ઘટીને ૫૬.૩ રૂપિયા થઈ ગઈ છે.

શાકાહારી થાળીમાં રોટલી, ડુંગળી, ટામેટા, બટેટા, ચોખા, દાળ, દહીં અને સલાડનો સમાવેશ થાય છે. માંસાહારી થાળીમાં સમાન ખાદ્ય પદાર્થો હોય છે, પરંતુ દાળની જગ્યાએ ચિકન (બ્રોઈલર) આવે છે. ઘરે બનાવેલી થાળીની સરેરાશ કિંમત ઉત્તર, દક્ષિણ, પૂર્વ અને પશ્ચિમ ભારતમાં ઈનપુટ કિંમતોના આધારે ગણવામાં આવે છે.

ક્રિસિલે જણાવ્યું હતું કે રવી પાકોમાં રેકોર્ડબ્રેક ઘટાડો અને પશ્ચિમ બંગાળમાં બટાકાના પાકને નુકસાન થવાને કારણે ડુંગળીની ઓછી આવકને કારણે ભાવમાં વધારો થયો છે. ચોખા અને કઠોળના ભાવમાં પણ વર્ષ-દર-વર્ષે (Y-o-Y) ૧૪ ટકા અને ૨૦ ટકાનો વધારો જોવા મળ્યો છે. તો જીરું, મરચાં અને વનસ્પતિ તેલના ભાવમાં અનુક્રમે ૪૦ ટકા, ૩૧ ટકા અને ૧૦ ટકાનો ઘટાડો થયો છે, જેના કારણે શાકાહારી થાળીની કિંમતમાં વધુ વધારો થયો નથી.

રિપોર્ટ કહે છે કે, બ્રોઈલર ચિકનના ભાવમાં વાર્ષિક ધોરણે ૧૨ ટકાનો ઘટાડો જોવા મળ્યો હતો, જે પ્લેટની કુલ કિંમતના ૫૦ ટકા હિસ્સો બ્રોઈલર ચિકનના ભાવમાં ઘટવાને કારણે આવ્યો હતો. તમને જણાવી દઈએ કે, ડુંગળીના ભાવમાં ૪ ટકા અને ઈંધણની કિંમતમાં ૩ ટકાના ઘટાડાને કારણે એપ્રિલમાં શાકાહારી થાળીની કિંમત સ્થિર રહી હતી. ટામેટાં અને બટાકાના ભાવ સતત વધી રહ્યા છે. માંસાહારી થાળીની કિંમતમાં માર્ચની સરખામણીમાં ૩ ટકાનો વધારો થયો છે કારણ કે બ્રોઈલર માંગમાં વધારો અને ઈનપુટ ખર્ચમાં વધારો થયો છે. ક્રિસિલ માર્કેટ ઈન્ટેલિજન્સ એન્ડ એનાલિટિક્સનાં ડાયરેક્ટર પુષણ શર્માના જણાવ્યા અનુસાર, શાકભાજીના ભાવ નજીકના ભવિષ્યમાં "ઉંચા" રહેવાની શક્યતા છે. તેમણે કહ્યું કે નવેમ્બર ૨૦૨૩થી શાકાહારી અને માંસાહારી થાળીના ભાવમાં મોટો તફાવત જોવા મળી રહ્યો છે. શાકાહારી થાળી દર વર્ષે મોંઘી બની રહી છે, જ્યારે માંસાહારી થાળી સસ્તી થઈ રહી છે. તેનું મુખ્ય કારણ બ્રોઈલરના ભાવમાં ઘટાડો છે, જ્યારે ડુંગળી, બટેટા અને ટામેટા જેવા શાકભાજીના ભાવમાં વધારો થયો છે. તેમણે વધુમાં કહ્યું કે અમને આશા છે કે શાકભાજીના ભાવ સ્થિર રહેશે. જોકે, ઘઉં અને કઠોળના ભાવમાં અપેક્ષિત ઘટાડો થોડી રાહત આપશે.

# ધો.૧૨ ની પરીક્ષામાં વેરાવળની દર્શન સ્કુલના વિદ્યાર્થીઓએ મેળવેલ જવલંત પરિણામ



(પ્રતિનિધિ દ્વારા)

પ્રભાસ પાટણ તા. ૧૦

વેરાવળની દર્શન શાળાના વિદ્યાર્થી ટાંક ધ્રુવ મુળજીભાઈએ ધો.૧૨ કોમર્સમાં ૯૯.૪૩ ટકા માર્કસ મેળવી એ-૧ ગ્રેડ પ્રાપ્ત કર્યુ છે. તેના પિતા મુળજીભા સમોસા અને ગાઠીયા-ભજીયાની લારી ધરાવે છે. તેઓ બે બહેનોમાં એક ભાઈ છે, તેઓએ સતત આઠ કલાક વાંચનથી પરીક્ષાની તૈયારી કરી હતી. કુટુંબમાં લગ્ન જેવા પ્રસંગો પણ પરીક્ષાની તૈયારીને કારણે જતા કરવા પડયા છે. તેઓ સી.એ. કરવાની ઈચ્છા ધરાવે છે. પરીક્ષાની તૈયારીમાં રોજ સવારે પાંચ વાગ્યે ઉઠતા અને જે વિષય ન આવડે તે યુ-ટયુબમાંથી જોઈને અભ્યાસ કરતા હતા.

વેરાવળમાં જ રહેતા વાઢેર ભૂમિકા કેતનભાઈ નામની વિદ્યાર્થીનીના પિતા દરજી કામ કરે છે. માતા ઘરકામ કરે છે. તેમણે પણ દર્શન સ્કુલમાંથી એ-૧ ગ્રેડ મેળવ્યો છે. તો બે વિષયમાં ૧૦૦માંથી ૧૦૦ ગુણ મેળવેલ છે અને સી.એ. બનવા માટે વેરાવળમાં કલાસ પણ જોઈન્ટ કરી લીધા છે. વેરાવળમાં રહેતી અને દર્શન શાળામાં ૧૨ સાયન્સમાં અભ્યાસ કરેલ બારીયા હિતેશ્વરી મનોજભાઈ ધો.૧૨ સાયન્સ ગ્રુપ-બી માં ૯૫.૮૨ ટકા સાથે એ-૨ ગ્રેડ મેળવેલ છે. તેમના પિતા બોટમાં માછીમારી કરવાનું કામ કરે છે અને માતા ઘરકામ કરે છે. મેડીકલ એડમીશન લઈ ડોકટર બનવા ઈચ્છે છે. દર્શન સ્કુલની વિદ્યાર્થીની પ્રિયા પ્રતાપભાઈએ પી.આર. ૯૯.૨૦ ટકા સાથે સફળતા મેળવેલ છે. તેમના પિતા દરજીકામ કરી પોતાની પુત્રીને અભ્યાસ માટે પ્રોત્સાહિત કરતા પુત્રીએ પિતાનું સ્વપ્ન પુર્ણ કર્યુ છે. વિઠલાણી એશા અલ્પેશભાઈએ ૯૯.૪૩ પીઆર મેળવી પરિવાર અને સ્કુલ તથા ગામનું નામ રોશન કરેલ છે. આ ઉપરાંત સામતાબહેન નામની વિદ્યાર્થીનીએ સ્ટેટેસ્ટીકમાં ૧૦૦માંથી ૧૦૦ માર્કસ મેળવેલ છે.

# ખંભાળિયા નજીક કારની અડફેટે વૃદ્ધનું મૃત્યુ

(પ્રતિનિધિ દ્વારા)

જામખંભાળીયા તા. ૧૦

ખંભાળિયા નજીકના હાઈવે માર્ગ પર મંગળવારે સાંજના સમયે મોટરસાયકલ પર જઈ રહેલા એક વૃદ્ધને અલ્ટો કારના ચાલકે અડફેટે લેતા તેમનું મૃત્યુ નીપજ્યું હતું. અકસ્માતનો આ બનાવ હિટ એન્ડ રનનો બની રહ્યો હતો. આ સમગ્ર પ્રકરણની પોલીસ દફતરે જાહેર થયેલી વિગત મુજબ ખંભાળિયા તાલુકાના કોલવા ગામે રહેતા કાનાભાઈ દેવાણંદભાઈ નંદાણીયા નામના આહિર વૃદ્ધ મંગળવાર તારીખ ૭ ના રોજ સાંજના સમયે અત્રેથી આશરે ૮ કિલોમીટર દૂર કંડોરણા ગામના પાટીયા પાસેથી પોતાના જી.જે. ૩૭ કે. ૪૧૧૩ નંબરના મોટરસાયકલ લઈને પેટ્રોલ ભરાવવા ગયા હતા. તે દરમિયાન રસ્તો ક્રોસ કરતી વખતે આ માર્ગ પરથી પૂરઝડપે અને ગફલતભરી રીતે આવી રહેલી જી.જે. ૧૦ ડી.એ. ૩૧૨૮ નંબરના એક અલ્ટો મોટરકારના ચાલકે કાનાભાઈના મોટરસાયકલ સાથે ધડાકાભેર અકસ્માત સર્જ્યો હતો. આ અકસ્માતમાં બાઈક ચાલક કાનાભાઈને ફ્રેકચર સહિતની ગંભીર ઈજાઓ થતા તેમનું મૃત્યુ નીપજ્યું હતું. અકસ્માત સર્જીને આરોપી કાર ચાલક નાસી છૂટ્યો હતો. આ સમગ્ર બનાવ અંગે મૃતકના પુત્ર ગોવિંદભાઈ કાનાભાઈ નંદાણીયાની ફરિયાદ ખંભાળિયા પોલીસે અલ્ટો કારના ચાલક સામે આઈપીસી કલમ ૨૭૯, ૩૦૪ (અ) તથા એમ.વી. એકટની કલમ હેઠળ ગુનો નોંધી, આગળની તપાસ પી.એસ.આઈ. ડી.જી. પરમાર દ્વારા હાથ ધરવામાં આવી છે.

### હાઈકોર્ટ દ્વારા અદાલતોમાં જ્યુડિશિયલ ઓફિસરની બદલી

# ૨૨૨ જજની બીજી કોર્ટમાં બદલી, ૧૭૭ જજની આંતરિક બદલી

અમદાવાદ, તા. ૧૦

ગુજરાત હાઈકોર્ટ દ્વારા જ્યુડિશિયલ ઓફિસરની બદલી કરવામાં આવી છે.આ ઉપરાંત આંતર કોર્ટ બદલીઓ પણ કરવામાં આવી છે. સિવિલ જજ, સિનિયર સિવિલ જજ અને ડિસ્ટ્રિક્ટ જ્યુડિશિયલ ઓફિસરોની હાઈકોર્ટ દ્વારા બદલી કરવામાં આવી છે. અમદાવાદમાં ચીફ મેટ્રોપોલિટન મેજિસ્ટ્રેટ તરીકે નવસારીથી અમિતકુમાર દવેની બદલી કરાઈ છે. જ્યારે સાબરકાંઠાથી અર્ચીતકુમાર વોરાની અમદાવાદમાં એડિશનલ ચીફ મેટ્રોપોલિટન મેજિસ્ટ્રેટ તરીકે બદલી કરાઈ છે.ઉપરાંત ૬૩ જ્યુડિશિયલ ઓફિસરોની જુદા જુદા જિલ્લાઓમાં સેશન્સ જજ તરીકે નિમણૂક કરવામાં આવી છે. તમામ જ્યુડિશિયલ ઓફિસરો ૨૦મે થી પોતાનો નવો ચાર્જ સંભાળશે.

હાઈકોર્ટ દ્વારા રાજયની અદાલતોમાં ૫૬ સિવિલ જજની આંતર જિલ્લા અને કોર્ટમાં બદલી કરાઈ છે. જ્યારે એક જ કોર્ટની અંદર હોય તેવી ૪૭ જેટલી આંતરિક બદલીઓ કરાઈ છે. જેમાં અમદાવાદમાં ૦૪, અમરેલીમાં ૦૨, અરવલ્લીમાં ૦૧, દાહોદમાં ૦૧, દ્વારકામાં ૦૧, ગાંધીનગરમાં ૦૧, ગીર સોમનાથમાં ૦૨, જૂનાગઢમાં ૦૯, ખેડામાં ૦૨, મહેસાણામાં ૦૮, પંચમહાલમાં ૦૧, રાજકોટમાં ૦૫, સુરતમાં ૦૯ અને વલસાડમાં ૦૧નો સમાવેશ થાય છે.નિયર સિવિલ જજમાં ૮૮ જજની બદલી એક કોર્ટમાંથી બીજી કોર્ટમાં અથવા જિલ્લામાં બદલીઓ કરાઈ છે. જ્યારે એક જ કોર્ટમાં હોય તેવી ૯૬ આંતરિક બદલીઓ કરાઈ છે. જેમાં અમદાવાદમાં ૦૩, આણંદમાં ૦૬, ભાવનગરમાં ૧૦,ગાંધીનગરમાં ૦૩, ગીર સોમનાથમાં ૦૩, જૂનાગઢમાં ૦૩, કચ્છમાં ૦૭, ખેડામાં ૦૬, મોરબીમાં ૦૪, નવસારીમાં ૦૩, પંચમહાલમાં ૦૩, પોરબંદરમાં ૦૨, રાજકોટમાં ૧૧, સુરતમાં ૦૭, તાપીમાં ૦૧, વડોદરામાં ૧૮ અને વલસાડમાં ૦૫નો સમાવેશ થાય છે.૭૮ ડિસ્ટ્રિક્ટ જ્યુડિશિયલ ઓફિસરોની એક કોર્ટમાંથી બીજી કોર્ટમાં અથવા જિલ્લામાં બદલીઓ કરવામાં આવી છે. જ્યારે એક જ કોર્ટમાં હોય તેવી ૩૪ આંતરિક બદલીઓમાં અમદાવાદમાં ૦૧, અમરેલીમાં ૦૧, આણંદમાં ૦૧, બનાસકાંઠામાં ૦૫, ભરૂચમાં ૦૧, જૂનાગઢમાં ૦૪, ભાવનગરમાં ૦૧, કચ્છમાં ૦૪, ખેડામાં ૦૧, મહેસાણામાં ૦૧, પાટણમાં ૦૨, પોરબંદરમાં ૦૧, રાજકોટમાં ૦૬, સાબરકાંઠામાં ૦૧ અને સુરતમાં ૦૩નો સમાવેશ થાય છે.

સૌરાષ્ટ્ર ભૂમિ
દૈનિક

તંત્રી લેખ

# હિન્દુ વિવાહની કાયદેસરતાને પડકારતા સવાલો

સુપ્રીમ કોર્ટે હિંદુ વિવાહ પર એક નવી વ્યવસ્થા આપતાં કહ્યું કે જો અપેક્ષિત વિવાહ સમારોહ ન થયો તો હિંદુ વિવાહ અમાન્ય ગણાય. અદાલતે હિંદુ વિવાહ અધિનિયમ ૧૯૫૫ અંતર્ગત વિવાહની કાયદાકીય જરૂરિયાતો અને પવિત્રતાને સ્પષ્ટ કરવાની જે કોશિશ કરી છે, તેના પર પૂરતી ગંભીરતાથી ધ્યાન આપવાની જરૂર છે. આ ફેંસલાને સમગ્રતામાં ન સમજવામાં આવ્યો તો હિંદુ વિવાહની કાયદેસરતાને લઈને હંમેશાં સવાલ ઉઠશે. ન્યાયાલયે ભાર મૂક્યો કે હિંદુ વિવાહની કાયદેસરતા માટે સપ્તપદી (સાત ફેરા) જેવા યોગ્ય સંસ્કાર અને સમારોહ જરૂરી છે. વિવાદની સ્થિતિમાં સમારોહના પુરાવા રજૂ કરવા જરૂરી છે. સાત ફેરા અને સમારોહનું મૂલ્ય સમજાવવાની આ કોશિશ ધ્યાન આપવા લાયક છે. એમાં કોઈ શંકા નહીં કે વિવાહ સંસ્કારનું મૂળ મહત્ત્વ પહેલાંની તુલનામાં ઓછું થયું છે, હવે વિવાહ ઘણા માટે એક દેખાડો, મજબૂરી કે સમજૂતી માત્ર રહી ગયો છે. ન્યાયમૂર્તિ બી.નાગરત્નાએ પોતાના ચુકાદામાં બિલકુલ યોગ્ય કહ્યું કે હિંદુ વિવાહ એક સંસ્કાર છે, જેને ભારતીય સમાજમાં એક મહાન મૂલ્યની સંસ્થા રૂપે દરજ્જો આપવો જોઈએ.

જોકે વિવાહની પવિત્રતાનો આભાસ સમાજમાં સમય સાથે ઘટ્યો છે અને તેમાં સુધારની જરૂર છે. જે લોકો વિવાહને માત્ર એક રજિસ્ટ્રેશન માને છે, તેમણે ચેતી જવું જોઈએ. તેમણે સાત ફેરાનો અર્થ સમજવો પડશે. સાત ફેરાનો અર્થ સમજ્યા વિના હિંદુ વિવાહને ન સમજી શકાય અને સર્વોચ્ચ ન્યાયાલયના તાજા ફેંસલામાં એવી જ સમજાવટ દેખાય છે. અદાલતે એ પણ સ્પષ્ટ કર્યું કે હિંદુ વિવાહ એક સંસ્કાર છે અને તે નાચ-ગાન, ખાવા-પીવાનું આયોજન નથી. અપેક્ષિત વિવાહ સમારોહ થવો જોઈએ, તેના વિના માત્ર રજિસ્ટ્રેશનથી વિવાહ કાયદેસર નથી થઈ જતા. દહેજ કે ગિફ્ટોનું આદાન-પ્રદાન પણ વિવાહ નથી અને તેને રોકવા માટે કાયદા પણ લાગુ છે. એકંદરે, જો ન્યાયાલયનો સંદેશ એ છે કે નકામા તમાશા-દેખાડાથી બચતાં વિવાહના મૂળ અર્થને સમજવો જોઈએ, તો તે સુખદ અને સ્વાગતયોગ્ય છે. છતાં અદાલતોએ સચેત રહેવું પડશે કે તાજા ફેંસલા બાદ વિવાહ રજિસ્ટ્રેશનનું મહત્ત્વ ક્યાંક ઓછું ન થઈ જાય. અસંખ્ય વિવાહ બહુ જરૂરી હોય તો અથવા સુરક્ષાની દૃષ્ટિએ સુનિયોજિત રીતે રજિસ્ટર કરાવવામાં આવે છે. વિવાદ રજિસ્ટ્રેશનનો આ રસ્તો જો બંધ ન થાય તો સમાજમાં અપેક્ષાકૃત વધુ ઉદારતા બહાલ રહેશે. હિંદુ વિવાહને લઈને હવે વધુ સ્પષ્ટતાની જરૂર છે. પાછલાં વર્ષોમાં કેટલીક ખાસ હાલતને કારણે અનેક એવા અદાલતી ચુકાદા આવ્યા છે, જેના પછી વિવાહ સંબંધી નિયમ-કાયદાને ઉકેલવાની જરૂર વધી ગઈ છે. દાખલા તરીકે એક ફેંસલો જુઓ. અલ્હાબાદ હાઈકોર્ટની લખનૌ પીઠે ગત દિવસોમાં એમ માન્યું કે હિંદુ વિવાહ અધિનિયમ અનુસાર, હિંદુ વિવાહને સંપન્ન કરવા માટે કન્યાદાન સમારોહ જરૂરી નથી. એ ફેંસલામાં પણ સપ્તપદીના મહત્ત્વને દર્શાવવામાં આવ્યું હતું.

## આપની આવતીકાલ કેવી જશે...?

:: રત્નકણીકા ::

લોભનો નાશ કરો, ક્ષમા કરો, અભિમાન ત્યજો, પાપ ન કરો, સત્ય બોલો...

- નીતિ શતક

### : આજનું પંચાંગ :

વિક્રમ સં. ૨૦૮૦, શા. શાકે. ૧૯૪૬, પા.આદર-૧૩૯૩, મુ. જિલ્કાદ-૧૪૪૫, જૈન વીર સં.-૨૫૫૦, કચ્છી સં. ૨૦૮૦, વૈશાખ સુદ-૩ અક્ષય તૃતિયા, ભગવાન શ્રી પરશુરામ જયંતિ, શ્રી બસવેશ્વર જયંતિ, બદ્રી-કેદાર યાત્રા તા.૧૦ મે ૨૦૨૪, શુક્રવાર, પારસી તા.૨૯, મુસ્લિમ તા.૧, રોહિણી નક્ષત્ર, અતિગંડ યોગ, તૈતિલ કરણ, સૂ.ઉ.૬:૧૩, સૂ.અ.૭:૨૨

આજનો દિવસ મધ્યમ છે

આજે જન્મેલા બાળકની રાશી વૃષભ (બ વ ઉ), રાત્રે ૧૦:૨૫ ક. પછી જન્મેલા બાળકની રાશી મિથુન (ક છ ઘ) છે.

- કનકચંદ્ર સી. વ્યાસ

મેષ: મનમાં અશાંતિ રહે. ગૃહજીવનમાં ચકમક ઝરે.
વૃષભ: શાંતિ અને ધીરજથી દિવસ પસાર કરો. અપશય ન મળે તેની તકેદારી રાખજો.
મિથુન: મનમાં દુઃખ વ્યથા અનુભવાય. આરોગ્ય અંગે સાવચેતી રાખવી.
કર્ક: ધીરજના ફળ મીઠા મળે. પરેશાની, તકલીફમાં વધારો થતો જણાય.
સિંહ: મિલન-મુલાકાતમાં સફળતા મળે. લાભની તક સાંપડે.
કન્યા: મહેનતનું શુભ ફળ મળે. યાત્રા-પ્રવાસમાં લાભ થાય.
તુલા: ધીરજ રાખવી હિતાવહ. નાણાંકીય લાભ થાય.
વૃશ્ચિક: વેપાર-વાણિજ્યના કાર્યમાં લાભ થાય.
ધન: કાર્યબોજ વિશેષ રહે. મનની મુરાદ બર ન આવે.
મકર: લાભની તક સાંપડે. આર્થિક પ્રગતિજનક દિવસ વ્યતિત થાય.
કુંભ: જીવનસાથીથી વિશેષ સ્નેહ રહે. વ્યર્થ ક્રોધથી દૂર રહેવું.
મીન: મનની મનોકામના પૂર્ણ થાય. નવિન સમાચાર મળે.

બૂથ કેપ્ચરીંગની ઘટના બાદ ચૂંટણી પંચનો મોટો નિર્ણય

# મહીસાગરના પરથમપુરા બુથ ઉપર પુર્નઃ મતદાન યોજાશે

## આવતીકાલે સાત વાગ્યાથી સાંજે છ વાગ્યા સુધી રીપોલ કરાશે : બુથ કેપ્ચરિંગની ઘટના સંદર્ભે નિર્ણય

(સંપૂર્ણ સમાચાર સેવા)

સંતરામપુર, તા. ૧૦


મહીસાગરના સંતરામપુર તાલુકાના પરથમપુર ગામમાં ભાજપના જ નેતાના પુત્રે બુથ કેપ્ચરીંગ કર્યાની ઘટનાએ ચૂંટણીં પંચને દોડતું કર્યુ હતું. ત્યારે હવે દાહોદ લોકસભામાં બુથ કેપ્ચરિંગ અંગે મોટા સમાચાર આવ્યા છે. બુથ કેપ્ચરિંગની ઘટના સંદર્ભે ચૂંટણી પંચે ફરીથી મતદાનનો નિર્ણય લીધો છે. મહીસાગરના પરથમપુરા બુથ પર પુનઃ મતદાન યોજાશે. હવે આવતીકાલ ૧૧ મેના રોજ સવારે ૭થી સાંજના ૬ સુધી પુનઃ લોકસભાની ચૂંટણી માટે મતદાન યોજાશે. આવતીકાલ ૧૧ તારીખે સવારે સાત વાગ્યાથી સાંજે છ વાગ્યા સુધી રીપોલ કરાશે. બુથ કેપ્ચરિંગની ઘટના સંદર્ભે ચૂંટણી પંચે આ નિર્ણય કર્યો છે.

દાહોલ લોકસભામાં ભાજપ નેતાના પુત્ર વિજય ભાભોરે બૂથમાં ઘૂસી **EVM** કેપ્ચર કર્યુ હતું. વિજય ભાભોરે પોતાના સોશિયલ મિડિયા પ્લેટફોર્મ પર આખી ઘટના લાઈવ પણ કરી હતી. એટલું જ નહિ, વિજય ભાભોરે અન્ય લોકો સાથે મળી ભાજપ ઉમેદવાર માટે બોગસ વોટિંગ પણ કર્યુ હોવાનું પણ ચર્ચાઈ રહ્યું છે.

વિજય ભાભોરે બૂથના અધિકારી કર્મચારીઓને ગાળો પણ ભાંડી હતી. કાયદા કે ચૂંટણી પંચનો જાણે કોઈ ખૌફ જ ન હોય તેમ ભાજપ નેતાના પુત્રએ બૂથને હાઈજેક કર્યુ હતું. વિજય ભાભોરે **EVM** પોતાના સાથે લઈ જવાની પણ વાત કરી હતી. સમગ્ર વીડિયો વાયરલ થતાં વિજય ભાભોરે વીડિયો સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પરથી ડિલિટ કર્યો હતો. પરંતુ ત્યાં સુધી લાખો લોકોએ આ બુથ કેપ્ચરીંગની આ ઘટના લાઈવ નિહાળી હતી.

દાહોદ લોકસભા બેઠકના પરથમપુર ગામે બુથ કેચરિંગનો મામલે કોંગ્રેસ સવાલો ઉઠાવ્યા હતા. જેના બાદ કેન્દ્રીય ચૂંટણી પંચે ૧૧ તારીખે બૂથમાં પુનઃ મતદાનનો આદેશ આપ્યો છે. નવા આદેશ બાદ કોંગ્રેસની પ્રતિક્રિયા સામે આવી છે. ગુજરાત કોંગ્રેસના પ્રવક્તા ડો.મનીષ દોશીએ કહ્યું કે, ચૂંટણી પંચના આદેશને આવકાર્યો છે. પણ આવું આ એકજ જગ્યાએ નહતું થયું, રાજ્યના અન્ય કેટલાય સ્થળે ગેરરીતિ થઈ હતી. અમે તમામ મામલે ફરિયાદ આપી હોવા છતાં કોઈ કાર્યવાહી થઈ નથી. બુથ કેપ્ચરિંગના મામલે જિલ્લા ચૂંટણી અધિકારી દ્વારા ચૂંટણી પંચને વેહલી સવારે રિપોર્ટ સોંપવામાં આવ્યો હતો. પરથમપુર મતદાન મથકમાં કેટલાક મત અનધિકૃત રીતે પડ્યા હોવાનો રિપોર્ટમાં ઉલ્લેખ કરાયો છે. ચૂંટણી પંચે દિલ્હી મુખ્ય ચૂંટણી કમિશનરને રિપોર્ટ મોકલી માર્ગદર્શન માંગવામાં આવ્યુ હતું. મતદાન મથકનું ફરી રી-પોલ કરવું કે નહીં એ અંગે પણ દિલ્હી ચૂંટણી કમિશનરના માર્ગદર્શન બાદ નિર્ણય લેવાયો હતો. બુથ કેપ્ચરિંગ વાયરલ વીડિયો વાયરલ થયા બાદ ચૂંટણી દરમિયાન પરથમપુરમાં ફરજ બજાવતા અધિકારી કર્મચારીઓને મહીસાગર ચૂંટણી અધિકારીનો બુલાવો આવ્યો હતો. સમગ્ર મામલે ચાર કર્મચારીઓને નોટિસ ફટકારાઈ છે. જેમાં પ્રિસાઈડિંગ સહિત ત્રણ લોકોને મહીસાગર ચૂંટણી અધિકારીનું ગુરુવારે સવાર સવારમાં તેડું આવ્યું હતું. આજે ચૂંટણી અધિકારી સમક્ષ હાજર થયા હતા.

# વડોદરાથી અમદાવાદ એરપોર્ટ સુધી ઈન્ટર સિટી બસ સેવા શરૂ




## ઈન્ટરનેશનલ પ્રવાસ કરતા મુસાફરો અને બિઝનેસ ટ્રિપ પર જતા મુસાફરો માટે ખાસ ઉપયોગી બનશે

અમદાવાદ, તા.૧૦

**GSRTC** દ્વારા વડોદરાથી અમદાવાદ એરપોર્ટ સુધી ઈન્ટર સિટી બસ સેવા શરૂ કરવામાં આવી. ઉલ્લેખનીય છે કે, **GSRTC**એ ગત ફેબ્રુઆરી મહિનામાં અમદાવાદ એરપોર્ટથી રાજકોટ માટે સીધી બસ શરૂ કરી હતી. જેને સફળતા મળ્યા બાદ વડોદરા શહેરથી અમદાવાદના સરદાર વલ્લભભાઈ પટેલ ઈન્ટરનેશનલ એરપોર્ટ સુધી બસ શરૂ કરવામાં આવશે. **GSRTC**ની આ પહેલ ઈન્ટરનેશનલ પ્રવાસ કરતા મુસાફરોને તથા બિઝનેસ ટ્રિપ પર જતા મુસાફરો માટે ખાસ ઉપયોગી બનશે. વડોદરા એરપોર્ટ અમદાવાદ એરપોર્ટની સરખામણીએ દેશ-વિદેશ સાથે ઓછી કનેક્ટિવિટી ધરાવે છે. તેથી ત્યાંના રહેવાસીઓએ કોઈ નિશ્ચિત સ્થળ પર પહોંચવા માટે અમદાવાદ એરપોર્ટ આવવું પડતું હોય છે. જો આ બસનો ઉપયોગ કરવામાં આવે તો વડોદરાથી અન્ય કોઈ સાધન બદલવામાં સમય વેડફ્યા વગર સીધા અમદાવાદ એરપોર્ટ પહોંચી શકે છે. અમદાવાદ એરપોર્ટથી વડોદરા સુધી દરરોજ બે વખત વ્જીઈ્ઝની બસ દોડશે. એટલે કે દરરોજ ચાર બસ અમદાવાદના સરદાર વલ્લભભાઈ પટેલ ઈન્ટરનેશનલ એરપોર્ટથી વડોદરા વચ્ચે અવરજવર કરશે.અમદાવાદના સરદાર વલ્લભભાઈ પટેલ ઈન્ટરનેશનલ એરપોર્ટથી સવારે ૬ વાગ્યે વ્જીઈ્ઝની બસ વડોદરા પહોંચવા માટે રવાના થશે જે સવારે ૮:૩૦ કલાકે વડોદરા પહોંચશે. જ્યારે બીજી બસ રાત્રે ૧૧:૩૦ કલાકે અમદાવાદ એરપોર્ટથી રવાના થઈને મોડી રાત્રે ૧:૩૦ કલાકે વડોદરા પહોંચશે. આ રીતે વડોદરાથી બપોરે ૩:૧૫ કે બસ અમદાવાદ એરપોર્ટ આવવા રવાના થશે, જે સાંજે ૫:૪૫ કલાકે અમદાવાદ એરપોર્ટ પહોંચે છે. જ્યારે અન્ય બસ સાંજે ૭:૩૦ કલાકે વડોદરાથી રવાના થઈને રાત્રે ૧૦ વાગ્યે અમદાવાદ એરપોર્ટ પહોંચશે.

બસ અત્યાધુનિક સુવિધાઓથી સજ્જ હશે. જેમાં ઓનબોર્ડ મનોરંજન અને ચાર્જિંગ સુવિધાઓ, એર કંડીશન વોલ્વો બસ રહેશે. દિવસમાં બે વખત અમદાવાદ એરપોર્ટ પર અને બે વખત વડોદરા જશે. તેથી દરેક મુસાફર પોતાના સમયે ફ્લાઈટ પકડી શકશે. આ બસનું સમયપત્રક ફ્લાઈટ અને સમયની અનુકુળતા મુજબ તૈયાર કરવામાં આવશે. આ બસનો ઉપયોગ કરનાર મુસાફરો વ્જીઈ્ઝની વેબસાઈટ અથવા ઉપરાંત વિવિધ ટ્રાવેલ પોર્ટલ દ્વારા સીટ ઓનલાઈન બુક કરાવી શકશે.લોન્ચિંગ સમગ્ર ગુજરાતમાં મુખ્ય સ્થળોને વ્જીઈ્ઝના વિશ્વસનીય નેટવર્ક સાથે જોડતા કેન્દ્રીય હબ બનવાના **SVPI**ના વિઝનને મજબૂત બનાવે છે. ફેબ્રુઆરી ૨૦૨૪માં રાજકોટ માટે સીધી બસ સેવાની સફળ શરૂઆત બાદ નેટવર્ક ટૂંક સમયમાં ઉદયપુર અને ભુજ જેવા મોટા શહેરોમાં વિસ્તરશે. આ પરિવર્તન **SVPI**ને ગુજરાતની વૈવિધ્યસભર સુંદરતાનું અન્વેષણ કરવા માટેના સાચા પ્રવેશદ્વાર તરીકે સ્થાન આપે છે.

# ૧૧થી ૧૩મે દક્ષિણ ગુજરાતમાં કમોસમી વરસાદ વરસી શકે છે

અમદાવાદ, તા.૧૦

રાજ્યમાં કાળઝાળ ગરમીનો પ્રકોપ યથાવત છે. રાજ્યમાં સૌથી વધુ ગરમી અમદાવાદ અને સુરેન્દ્રનગરમાં પડી રહી છે. તો રાજ્યના મોટા ભાગના જિલ્લાઓમાં તાપમાન ૪૨ થી ૪૩ ડિગ્રી તાપમાન નોંધાયું છે. સુરેન્દ્રનગરમાં ૪૩.૧ ડિગ્રી તો અમદાવાદમાં ૪૩ ડિગ્રી તાપમાન નોંધાયું છે. જોકે, ગુજરાતના વાતાવરણમાં જોરદાર મોટો પલટો આવવાનો છે. ભર ઉનાળે વાદળો બંધાશે અને વરસાદ આવશે. ગુજરાતમાં આંધી અને તોફાન સાથે વરસાદ આવશે તેવી અંબાલાલ પટેલની આગાહી છે. ૧૧ તારીખથી રાજ્યના કેટલાક ભાગોમાં હળવો વરસાદ પડવાની આગાહી છે. દક્ષિણ ગુજરાતના કેટલાક જિલ્લાઓમાં હળવા વરસાદની આગાહી છે.

ગુજરાતમાં કાળઝાળ ગરમી વચ્ચે કમોસમી વરસાદની આગાહી કરવામાં આવી છે. ૧૧થી ૧૩મે દક્ષિણ ગુજરાતમાં કમોસમી વરસાદ વરસી શકે છે. દક્ષિણ ગુજરાતની સાથે સાથે મધ્યગુજરાતમાં પણ વરસાદ આવી શકે છે. વરસાદની આગાહી છતાં ગુજરાતને હાલ ગરમીમાંથી રાહત મળવાની કોઈ શક્યતા નથી. આગામી ચાર દિવસ સુધી આવી જ ગરમીનો સામનો કરવો પડશે. દરિયાકાંઠાના વિસ્તારમાં ભેજ અને ગરમ પવન ફૂંકાશે. જોકે, છેલ્લા બે દિવસથી ગુજરાતના અનેક જિલ્લાઓમાં વરસાદ રહ્યો છે. ઉત્તર ગુજરાત, સૌરાષ્ટ્રના કેટલાક જિલ્લા અને ગઈકાલે દક્ષિણ ગુજરાતમાં વરસાદનું આગમન થયુ હતું. જેથી આ વિસ્તારના લોકોને કાળઝાળ ગરમીથી થોડી રાહત મળી હતી. આ જિલ્લામાં વાતાવરણમા પલટો આવતા ઠંડક પ્રસરી હતી. અંબાલાલ પટેલની આગાહી મુજબ ૧૦થી ૧૪ મે વચ્ચે ઉત્તર અને મધ્ય ગુજરાતમાં આંધી વંટોળ સાથે વરસાદ વરસી શકે છે. ૧૦થી ૧૪ મે વચ્ચે હવામાનમાં પલટા બાદ ફરી ૨૦ મે બાદ ગરમીમાં વધારો થશે. તો ઉત્તર ગુજરાતના ભાગોમાં તાપમાન ૪૪ ડિગ્રી સુધી જવાની આગાહી કરાઈ છે. આમ રાજ્યમાં આવનારા ૨૦ દિવસોમાં ભારે ગરમી અને કમોસમી વરસાદની આગાહી કરાઈ છે. જોકે, ૭ જૂનથી સાગરમા પવનો બદલાતા ફરી વરસાદ આવશે. ૮ થી ૧૪ જૂનમાં આંધીવંટોળ સાથે વરસાદની શક્યતા છે. ૧૭ જૂન બાદ ભારે આંધી વંટોળ સાથે વરસાદ રહેશે. જેઠ વદમાં શ્રવણ પંચકમાં વરસાદ થાય તો સારો વરસાદ થવાની શક્યતા છે. આ બાદ ગુજરાતમાં ચોમાસાની એન્ટ્રી થશે.

એપ્રિલ મહિનામાં ગરમીએ તમામ રેકોર્ડ તોડ્યા છે. અત્યાર સુધીનો સૌથી વધુ ગરમી એપ્રિલ મહિનામાં રહી છે. વિશ્વભરમાં એપ્રિલ મહિનામાં તાપમાન વધુ અનુભવાયું છે. ક્લાઈમેટ ચેન્જ અને અલ નીનોની અસરનું પરિણામ હવે દેખાઈ રહ્યું છે. એપ્રિલ ૨૦૧૬નો રેકોર્ડ એપ્રિલ ૨૦૨૪માં તૂટી ગયો છે. જોકે, આ તો માત્ર ટ્રેલર છે, આગામી સમયમાં સરેરાશ વૈશ્વિક તાપમાન હજી વધવાની શક્યતા છે.

# ગરમીનાં કારણે ગુજરાતમાં હીટ સ્ટ્રોકના કેસમાં પણ વધારો

અમદાવાદ, તા.૧૦

હાલ ગરમી સાતમાં આસમાને અને હજુ પણ ગરમી વધવાની છે તેવું માનવામાં આવી રહ્યું છે. જેના કારણસર હાલ રાજયમાં અને શહેરમાં બીમારીમાં ધડખમ વધારો જોવા મળી રહ્યો છે. ગુજરાતમાં ૭ દિવસમાં ૪૬૫ લોકો ગરમીની બીમારીથી શિકાર બન્યા.ગુજરાતમાં ગરમીનો પ્રકોપ વધી રહ્યો છે તેનાથી બીમાર પડનારાની સંખ્યા પણ વધી રહી છે.

એપ્રિલ માસમાં ગુજરાતમાં ગરમીને લગતી બીમારીના ૨૦૬૭ કેસ નોંધાયા હતા. જેમાં તાવના ૧૭૭૫ , ચક્કર આવવાથી પડી જવાના ૨૨, હીટસ્ટ્રોકના ૧૮ અને માથામાં સખત દુઃખાવાના ૨૦૬૭ કેસનો સમાવેશ થાય છે. આ સ્થિતિએ એપ્રિલમાં ગરમીને લગતી બીમારીના રોજના સરેરાશ ૬૯ કેસ નોંધાયા હતા. મે મહિનામાં ગુજરાતના અનેક શહેરમાં તાપમાન ૪૪ને પાર જવાની સંભાવના છે. જેના પગલે હીટ સ્ટ્રોકના કેસમાં હજુ પણ વધારો થઈ શકે છે.

વિદ્યાર્થિનીએ સ્યુસાઈડ નોટ લખી હોવાનું સામે આવ્યું

# વિદ્યાર્થિનીએ ડિપ્રેશનમાં આવી પોતાના ઘરે ગળાફાંસો ખાધો

## સ્યુસાઈડ નોટમાં લખ્યું હતું કે, આઈ એમ સોરી, મને નથી ખબર કે, હું આ કેમ કરૂં છું? પરંતુ હવે સહન નથી થતું

રાજકોટ, તા.૧૦

**CA**નો અભ્યાસ કરી રહેલી ૨૧ વર્ષીય માનસી ગઢીયા નામની વિદ્યાર્થિનીએ ડિપ્રેશનમાં આવી પોતાના ઘરે ગળાફાંસો ખાઈ લીધાનો બનાવ સામે આવ્યો છે. સમગ્ર મામલાની જાણ ભક્તિનગર પોલીસને થતા પોલીસ દ્વારા સીઆરપીસી ૧૭૪ મુજબ અકસ્માત મોત રજીસ્ટર્ડ કરવામાં આવી છે. પોલીસ તપાસમાં મૃતક વિદ્યાર્થિનીએ સ્યુસાઈડ નોટ લખી હોવાનું પણ સામે આવ્યું છે. માનસી ગઢીયા બે ભાઈઓની એકની એક બહેન હોવાનું સામે આવ્યું છે. તો સાથે જ તેના પિતા રાજેશ ગઢિયા પાનની દુકાન ચલાવતા હોવાનું સામે આવ્યું છે. ગઢીયા પરિવાર રાજકોટ શહેરના કોઠારીયા રોડ પર આવેલી તિરૂપતિ સોસાયટીમાં રહેતો હોવાનું સામે આવ્યું છે.

પોલીસમાંથી મળતી વિગતો અનુસાર રાજકોટ શહેરના કોઠારીયા રોડ પર આવેલા તિરૂપતિ સોસાયટી શેરી નંબર એકમાં રહેતી માનસી ગઢીયા નામની વિદ્યાર્થીનીએ પોતાના ઘરમાં ગળાફાંસો ખાઈ લીધાનો બનાવ બન્યો હોવાનું સામે આવ્યો છે. સમગ્ર મામલે પરિવારજનો દ્વારા સંપર્ક કરાતા ૧૦૮ ઈમરજન્સી સેવા ઘટના સ્થળ પર પહોંચી હતી. તેમજ માનસી ગઢીયાને મરણ ગયેલ જાહેર કરી હતી. આપઘાત કરતા પૂર્વે માનસી ગઢીયા દ્વારા એક સ્યુસાઈડ નોટ લખવામાં આવી હતી. જેમાં લખ્યું હતું કે, આઈ એમ સોરી. મને નથી ખબર કે, હું આ કેમ કરું છું? પરંતુ હવે સહન નથી થતું. મમ્મીએ દાદાએ મને આટલું ભણાવી આટલા સુધી પહોંચાડી છે. પણ ઘણા સમયથી એવું લાગે છે કે, જે એમણે મારા માટે વિચાર્યું છે તે મારાથી નથી થયું. હું ઘણી મહેનત કરું છું. હું અગાઉ એક્ઝામમાં ફેઈલ પણ થઈ હતી. તો પણ મને ઘરેથી કોઈએ કંઈ કહ્યું નથી. હું થાકી ગઈ છું. એક્ઝામ છે એના માટે મેં ખૂબ મહેનત પણ કરી છે પણ આખો દિવસ એકલી રહીને હું ઓવરથીંકીંગ કરું છું.

ફ્યુચરમાં કંઈ નહીં થાય મારાથી તો એ વિચારીને મને બીક લાગે છે. મારી મમ્મી થાકી ગઈ છે. હું આવી રીતે નથી જોઈ શકતી. હું આટલે સુધી આવીને સીએ નથી મૂકી શકતી. મને કોઈ પરાણે નથી કરાવતું મારી મરજીથી જ કરું છું. મારા દાદા અને બે ભાઈએ મને ભણાવવામાં બહુ સપોર્ટ કર્યો છે. જેટલું કરી શકાય એટલું કર્યું છે. મારી તબિયત ખરાબ થવા લાગી છે. ડિપ્રેશન છે કે શું મને નથી ખબર. મને લાગ્યું કે, હું ભાઈને બધું કહી દઉં પણ હિંમત ન થઈ. આઈ એમ સોરી મમ્મી, ભાઈ.

# નેપાળની હિન્દુ રાષ્ટ્રની ઓળખ બદલવામાં કાવતરૂ થયું છે : મનિષા કોઈરાલા



નેપાળ, તા.૧૦

નેપાળમાં અભિનેત્રી મનીષા કોઈરાલા **RPP** માટે પ્રચાર કરશે. પ્રખ્યાત અભિનેત્રી મનિષા કોઈરાલાએ કહ્યું કે જ્યારે નેપાળ હિન્દુ રાષ્ટ્ર હતું ત્યારે તે ખૂબ જ સમૃદ્ધ હતું. તે અમારી શ્રેષ્ઠ ઓળખ હતી જ્યારે અમે વિશ્વનું એકમાત્ર હિન્દુ રાષ્ટ્ર હતા. નેપાળની હિન્દુ રાષ્ટ્રની ઓળખ બદલવામાં કાવતરું થયું છે. ઉલ્લેખનીય છે કે અભિનેત્રી મનીષા કોઈરાલાએ નેપાળને ફરીથી હિન્દુ રાષ્ટ્ર બનાવવા માટે હિંદુ તરફી રાષ્ટ્રીય પ્રજાતંત્ર પાર્ટી માટે પ્રચાર કર્યો હતો. બોલિવૂડની ખ્યાતનામ અભિનેત્રી મનિષા કોઈરાલા નેપાળની સામાન્ય ચૂંટણીમાં પ્રચાર કરશે તેવી માહિતી પોતાના સોશિયલ મીડિયા હેન્ડલ પરથી આપી છે.

# પ્રજ્વલ રેવન્ના ક્લિપ્સ પછી ઓળખ છતી થઈ જતાં ઘણી સ્ત્રીઓએ ડર, કલંક વચ્ચે ઘરબાર છોડ્યા

હાસન, તા.૧૦

JD(S)ના સાંસદ પ્રજ્વલ રેવન્ના દ્વારા કથિત રીતે જાતીય શોષણનો ભોગ બનેલી બહુવિધ મહિલાઓની વીડિયો ક્લિપ્સ પ્રસારિત કરવામાં આવી રહી છે, ઘણી મહિલાઓ જેઓ કથિત રીતે પીડિતોમાં સામેલ છે તેઓ છેલ્લા ૧૦ દિવસમાં કર્ણાટકના હાસન જિલ્લામાંથી તેમના ઘરબાર છોડી ગઈ છે.

હાસન JD(S)ના વડા અને પૂર્વ વડાપ્રધાન એચ.ડી. દેવગૌડાનો ગઢ છે. દેવગૌડાના પૌત્ર પ્રજ્વલ, હાસનથી વર્તમાન સાંસદ છે અને ફરીથી ચૂંટણી લડવા માંગે છે. જ્યારે પ્રજ્વલ ૨૬ એપ્રિલે હાસનમાં મતદાન પછી તરત જ દેશ છોડી ગયો હતો, ત્યારે તેના પિતા, હોલેનરસીપુરના ધારાસભ્ય એચડી રેવન્નાની શનિવારે એક મહિલાના અપહરણના સંબંધમાં ધરપકડ કરવામાં આવી હતી, આ ધરપકડ કથિત રીતે મહિલાને વિશેષ તપાસ ટીમ (એસઆઈટી)નો સંપર્ક કરતા અટકાવવાનો પ્રયાસ કરવા બદલ કરવામાં આવી હતી. હાસન શહેરથી ૨૦ કિ.મી. દૂર આવેલા ગામ હગારેના એક દુકાનદારે કહ્યું, 'સમગ્ર જિલ્લો એચ.ડી. રેવન્નાના નિયંત્રણમાં છે. તમે તેમના વિશે ખરાબ બોલો છો અને તે તેમના સુધી પહોંચે તેવી શક્યતાઓ વધારે છે, કારણ કે, પરિવાર અને પાર્ટીના મોટા પ્રમાણમાં અનુયાયીઓ છે.' મીડિયાએ જિલ્લાના ત્રણ નગરો અને પાંચ ગામોની મુલાકાત લીધી અને કેટલાક રહેવાસીઓ સાથે વાત કરી. તેમાંથી કોઈનું નામ જાહેર કરવા માંગતા ન હતા.

એક રહેવાસીએ જણાવ્યું હતું કે, પ્રજ્વલ સામે પહેલી એફઆઈઆર ૨૮ એપ્રિલે એક મહિલાની ફરિયાદના આધારે દાખલ કરવામાં આવી હતી, જેના પરિવારે હવે તેમનું ઘર છોડી દીધું છે. 'મહિલા રેવન્નાના ઘરે ઘરની મદદગાર તરીકે કામ કરતી હતી. તેના કેટલાક વીડિયો ફરવા લાગ્યા અને પછી તેના ઘરને



તાળું મારેલું જોવા મળ્યું. તે ક્યારે નીકળી ગઈ તે અમને ખબર નથી.' નજીકના ગામમાં જ્યાં પ્રજ્વલ સામે બળાત્કારનો કેસ દાખલ કરનાર પૂર્વ જિલ્લા પંચાયત સભ્ય રહેતી હતી ત્યાના એક સ્થાનિક JD(S) નેતાએ જણાવ્યું હતું કે, અગાઉ પાર્ટી માટે કામ કરતી ઘણી મહિલાઓ હવે ગાયબ છે. 'અમે જોયું કે પાર્ટીની ઘણી મહિલાઓ સોશિયલ મીડિયા ઉપર પ્રજ્વલ સાથેના તેમના ફોટા ડિલીટ કરી રહી છે. કેટલાક કિસ્સાઓમાં પુરૂષો તેમની પત્નીઓને સાંસદ સાથેના તેમના જોડાણ વિશે પૂછપરછ કરી રહ્યા છે. આ કૌભાંડ જિલ્લાની ઘણી મહિલાઓના જીવનને બરબાદ કરી રહ્યું છે.'

એક સ્થાનિક નેતાએ જણાવ્યું હતું કે, તેની ફરિયાદમાં જિલ્લા પંચાયત સભ્યએ આરોપ મૂક્યો છે કે, તેના ઉપર ત્રણ વર્ષ સુધી બળાત્કાર ગુજારવામાં આવ્યો હતો અને વીડિયો રેકોર્ડ કરવામાં આવ્યો હતો. ત્યારથી તેણે તેનું ઘર છોડી દીધું છે. 'તે ૨૪ એપ્રિલે અહીં હતી, બીજા દિવસે વીડિયો બહાર આવ્યો. ત્યારથી અમે પરિવારને જોયો નથી.' મહિલાઓની ઓળખ છતી કરતી વીડિયો ક્લિપ્સ સાથે અન્ય કેટલાક પરિવારોએ પણ હાસનને છોડી દીધો છે. રેવન્ના મૈસુર જિલ્લાના કે.આર. નગર ખાતે દાખલ કરાયેલા કેસમાં બે આરોપીઓમાંનો એક હતો, જ્યાં ફરિયાદીએ આરોપ મૂક્યો હતો કે, તેની માતાને JD(S) સાંસદ અને રેવન્નાના પુત્ર પ્રજ્વલ રેવન્ના દ્વારા કથિત જાતીય હુમલો કરવા અંગે પોલીસનો સંપર્ક કરતા રોકવા માટે તેનું અપહરણ કરવામાં આવ્યું હતું.

જ્યારે SITની એક ટીમ રેવન્ના નિવાસસ્થાને પહોંચી ત્યારે બહાર એકઠા થયેલા પાર્ટી કાર્યકર્તાઓ મહિલાઓ વિશે વાત કરતા સાંભળવામાં આવ્યા હતા. તે પૈકી એક જાણે કહ્યું કે, 'હું આ મહિલાને ઓળખું છું, તે અમારા ઘરની નજીક રહેતી હતી અને JD(S)ની પ્રવૃત્તિઓમાં ખૂબ સક્રિય હતી. તેના ઘરે તાળું છે. તેને નાના બાળકો છે.' બીજાએ કહ્યું, 'તે મારા પાડોશીના સંબંધી છે અને અમારા કુટુંબના એક કાર્યક્રમમાં હાજરી આપે છે.' એક દુકાનદારે કહ્યું કે, 'મહિલાઓની ઓળખ છતી કરવામાં આવી તે ખરેખર ખોટું કાર્ય હતું. હું તેમાંના કેટલાકને જાણું છું અને તેઓ છૂપાઈ ગયા છે. અમને ખબર નથી કે તેઓ પાછા આવી શકશે કે કેમ.' તેમણે કહ્યું કે, આ પરિવારો કેસ દાખલ કરવા માંગતા ન હતા કારણ કે, 'રેવન્નાના પરિવાર સામે કેસ લડતી વખતે હાસનમાં ટકી રહેવું અશક્ય છે.'

જ્યારે ઘણા સ્થાનિક JD(S) નેતાઓએ વીડિયો ઉપર આઘાત વ્યક્ત કર્યો હતો, તો કેટલાકે દેવગૌડા પ્રત્યે સહાનુભૂતિ પણ વ્યક્ત કરી હતી. એક પાર્ટી કાર્યકર્તાએ કહ્યું, 'પ્રજ્વાલે જે કર્યું તે અક્ષમ્ય ગુનો છે. દેવગૌડાએ તેમના જીવનના ચાર દાયકાથી વધુનું બલિદાન આપીને તેમનો રાજકીય વારસો બનાવ્યો અને તે પ્રજ્વલના ગુનાહિત કૃત્યો દ્વારા તૂટી પડ્યો.' પદુવાલાહિપ્પે ગામમાં જ્યાં દેવગૌડાએ પોતાનો મત આપ્યો, એક JD(S) નેતાએ કહ્યું કે, વીડિયો ક્લિપ્સ ફરતી શરૂ થયા પછી પાર્ટીએ પ્રચાર કર્યો ન હતો. તેણે પૂછ્યું કે, 'આ મતવિસ્તારના યુવાનોના મોબાઈલ ફોનમાં વીડિયો હતા. અમે લોકોનો સામનો કેવી રીતે કરી શકીએ અને તેમને પ્રજ્વલને મત આપવાનું કેવી રીતે કહી શકીએ ?' ગામમાં એક વિશાળ ફાર્મહાઉસનું છે, જે આઠ ફૂટની દીવાલથી મજબૂત છે, જેની એસઆઈટીએ પણ મુલાકાત લીધી હતી. પોલીસ અધિકારીના જણાવ્યા અનુસાર, પ્રજ્વલ ઘણીવાર ફાર્મહાઉસની મુલાકાત લેતો હતો, જ્યાં કથિત રીતે કેટલાક વીડિયો રેકોર્ડ કરવામાં આવ્યા હતા. એક પોલીસ કોન્સ્ટેબલ બહાર રક્ષક તરીકે ઊભો છે. એક કર્મચારીએ વધુ બોલવાનો ઈનકાર કરતા કહ્યું, 'પ્રજ્વલ અહીં મિત્રો અને પાર્ટી સાથે આવતો હતો, પરંતુ અમે તેના સિવાય બીજું કંઈ જાણતા નથી.'

નામ ન આપવાની શરતે બોલતા એક પોલીસ અધિકારીએ જણાવ્યું હતું કે, જિલ્લા ગુપ્તચર એકમ વીડિયો ક્લિપ્સથી વાકેફ છે, પરંતુ મુદ્દાની તીવ્રતા વિશે જાણતા નથી. અધિકારીએ કહ્યું, '૨૦૨૩માં કર્ણાટક વિધાનસભાની ચૂંટણી પહેલા પ્રશ્નમાં પેન ડ્રાઈવ રાઉન્ડ કરી રહી હતી, પરંતુ તે સમયે વીડિયો બહાર આવ્યો ન હતો.' પ્રજ્વલને ૧ જૂન, ૨૦૨૩ના રોજ બેંગ્લુરૂ સિવિલ કોર્ટમાંથી ૮૬ મીડિયા આઉટલેટ્સ અને ત્રણ ખાનગી વ્યક્તિઓ વિરુદ્ધ વીડિયો ક્લિપ્સના સંબંધમાં ગેગ ઓર્ડર મળ્યો હતો. ખાનગી વ્યક્તિઓમાં એક એડવોકેટ અને સ્થાનિક ભાજપના નેતા જી. દેવરાજે ગૌડા હતા. પ્રજ્વલના પૂર્વ ડ્રાઈવર કાર્તિકે કહ્યું કે, તેણે આ પેન ડ્રાઈવ જી. દેવરાજે સાથે શેર કરી હતી. અધિકારીએ જણાવ્યું કે, 'આ વર્ષે જાન્યુઆરીમાં દેવરાજે ગૌડાએ એક પ્રેસ કોન્ફરન્સ બોલાવી હતી જ્યાં એવું અનુમાન કરવામાં આવ્યું હતું કે, તેઓ વીડિયો જાહેર કરશે, પરંતુ પ્રેસ કોન્ફરન્સ અચાનક રદ કરવામાં આવી હતી,' અધિકારીએ ઉમેર્યું કે, 'જ્યાં સુધી વીડિયો બહાર આવવાનું શરૂ ન થયું ત્યાં સુધી અમને બધાને ખબર હતી કે પ્રજ્વલ રેવન્નાનો સેક્સ વીડિયો હોઈ શકે છે, પરંતુ એ ખબર ન હતી કે આ પેનડ્રાઈવમાં ૨૯૦૦થી વધુ ફાઈલો છે જેમાં બહુવિધ મહિલાઓ સામેલ છે.

# જાહેરાતકર્તાઓએ તેમના ઉત્પાદનોનો મીડિયામાં પ્રચાર કરતા પહેલા સ્વ-ઘોષણા સબમિટ કરવી પડશે : સુપ્રીમ કોર્ટ

## ટીવી ચેનલોમાં જાહેરાતો ચલાવવા ઈચ્છતા જાહેરાતકર્તાઓએ તેમની સ્વ-ઘોષણાઓ I&B મંત્રાલયના 'બ્રોડકાસ્ટ સેવા' પોર્ટલ ઉપર અપલોડ કરવી જોઈશે; કોર્ટે મંત્રાલયને ચાર અઠવાડિયામાં પ્રિન્ટ એડવર્ટાઈઝર્સ માટે સમાન પોર્ટલ ખોલવાનો નિર્દેશ આપ્યા



નવી દિલ્હી, તા.૧૦

સુપ્રીમ કોર્ટે મંગળવારે નિર્દેશ આપ્યો છે કે, જાહેરાતકર્તાઓએ મીડિયામાં ઉત્પાદનોનો પ્રચાર કરતા પહેલા તેઓ ખોટી રજૂઆત કરી રહ્યા નથી અથવા ખોટા દાવા કરી રહ્યા નથી તેવી સ્વ-ઘોષણાઓ સબમિટ કરવી જોઈશે. જસ્ટિસ હિમા કોહલી અને અહસાનુદ્દીન અમાનુલ્લાની ખંડપીઠે ગેરમાર્ગે દોરતી જાહેરાતોથી ગ્રાહકોને બચાવવા માટે આ આદેશ આપ્યો હતો. 'ટાઈડ-ઓવર' માપદંડ તરીકે કોર્ટે આદેશ આપ્યો કે જાહેરાતકર્તાઓએ ૧૯૯૪ના કેબલ ટીવી નેટવર્ક રેગ્યુલેશન્સ નિયમો અનુસાર તેમની સ્વ-ઘોષણાઓ સબમિટ કરવી જોઈશે.

ટીવી ચેનલોમાં જાહેરાતો ચલાવવા ઈચ્છતા જાહેરાતકર્તાઓએ માહિતી અને પ્રસારણ મંત્રાલયના 'બ્રોડકાસ્ટ સેવા' પોર્ટલ ઉપર તેમની સ્વ-ઘોષણાઓ અપલોડ કરવી જોઈશે. એક નકલ પ્રસારણકર્તાને પણ આપવી પડશે. કોર્ટે મંત્રાલયને ચાર અઠવાડિયામાં પ્રિન્ટ એડવર્ટાઈઝર્સ માટે સમાન પોર્ટલ ખોલવાનો નિર્દેશ આપ્યો છે. કોર્ટે કહ્યું, 'પોર્ટલ સક્રિય થયા પછી તરત જ પ્રેસ/પ્રિન્ટ મીડિયામાં તમામ જાહેરાતો, જાહેરાતકર્તાઓએ જાહેરાતો જારી કરતા પહેલા તેમની સ્વ-ઘોષણાઓ ફાઈલ કરવી પડશે.' બેન્ચે સ્પષ્ટ કર્યું હતું કે, સોશિયલ મીડિયા પ્રભાવકો, સેલિબ્રિટીઝ અને ઉત્પાદનોનો પ્રચાર કરતા જાહેર વ્યક્તિઓએ જવાબદારીની ભાવના સાથે કામ કરવું જોઈએ અને 'ભ્રામક જાહેરાતો'નો ભાગ ન બને તેની કાળજી લેવી જોઈએ.

કોર્ટે આદેશમાં જણાવ્યું હતું કે, 'જે વ્યક્તિ ઉત્પાદનને સમર્થન આપે છે તેની પાસે ઉત્પાદન વિશે પૂરતો અનુભવ અને માહિતી હોવી જોઈએ.' કોર્ટે વધુમાં કેન્દ્રને એક યોગ્ય અને ચોક્કસ પ્રક્રિયા નક્કી કરવા માટે નિર્દેશ આપ્યો કે, જેના દ્વારા પીડિત ગ્રાહક ભ્રામક જાહેરાતો અને ખોટી બ્રાન્ડિંગ સામે તેની ફરિયાદ નોંધાવી શકે. કેન્દ્રએ સુનિશ્ચિત કરવું જોઈએ કે ગ્રાહકને ફરિયાદ પર લેવામાં આવેલી કાર્યવાહી અને તેના તાર્કિક નિષ્કર્ષ વિશે સંપૂર્ણ જાગૃત અને માહિતગાર કરવામાં આવે. કોર્ટે નોંધ્યું હતું કે, 'ફરિયાદના પરિણામથી ગ્રાહકને બેધ્યાન ન રહેવું જોઈએ.' વધુમાં કેન્દ્ર સરકારે ૨૯ ઓગસ્ટ, ૨૦૨૩ના આયુષ મંત્રાલયના પત્રને ડ્રગ્સ એન્ડ કોસ્મેટિક્સ રૂલ્સ, ૧૯૪૫ના નિયમ ૧૭૦ને તાત્કાલિક અસરથી પાછો ખેંચી લીધો હતો. આ જોગવાઈ વાંધાજનક જાહેરાતો સામે લેવાતી કાર્યવાહી સાથે સંબંધિત છે. કોર્ટે સ્પષ્ટ કર્યું, 'આ પત્ર જે વહીવટી સૂચના સિવાય બીજું કંઈ નથી, તે નિયમ ૧૭૦ને રોકી શકતો નથી, જે ડ્રગ્સ અને કોસ્મેટિક્સ નિયમો, ૧૯૪૫ નો એક ભાગ છે.'

ખંડપીઠે આરોગ્ય મંત્રાલયને ફૂડ સેફટી એન્ડ સ્ટાન્ડર્ડ ઓથોરિટી ઓફ ઈન્ડિયા દ્વારા ગેરમાર્ગે દોરતી જાહેરાતો અને ખાદ્ય અને આરોગ્ય ઉત્પાદનોની ખોટી બ્રાન્ડિંગ અંગે મળેલી ફરિયાદોની સંખ્યાનો ડેટા આપવાનો આદેશ આપ્યો હતો. યોગ ગુરૂ બાબા રામદેવ દ્વારા વર્ષોથી સહ-સ્થાપિત પતંજલિ આયુર્વેદ દ્વારા ચલાવવામાં આવતી ભ્રામક જાહેરાતોના કારણે આ નિર્દેશો આવ્યા હતા.

# હરણી તળાવ બોટ પ્રોજેક્ટમાં ચાર મહિલા ભાગીદારોના જામીન મંજૂર



અમદાવાદ, તા.૧૦

વડોદરાના હરણી તળાવ બોટ પ્રોજેક્ટમાં કોટિયા પ્રોજેક્ટની ચાર મહિલા ભાગીદારોએ કરેલી જામીન અરજી ગુજરાત હાઈકોર્ટ દ્વારા મંજૂર કરવામાં આવી હતી. અગાઉ આ કેસની સુનાવણી પૂરી થયા બાદ ગુજરાત હાઈકોર્ટની ખંડપીઠે ચુકાદો અનામત રાખ્યો હતો. ચાર મહિલા ભાગીદારો પંદર આરોપીઓમાં સામેલ છે જેમની પોલીસે હરણી બોટ દુર્ઘટનામાં ધરપકડ કરી છે. આ દુર્ઘટનામાં બોટ પલટી જવાથી ૧૨ બાળકો અને એક શાળાના બે શિક્ષકોનાં મોત થયા હતા. હાઈકોર્ટ સમક્ષ જામીન અરજી કરનાર આરોપીઓ પૈકી મહિલાઓ પ્રથમ છે. તાજેતરમાં કોર્ટ દ્વારા ચુકાદો સંભળાવવામાં આવ્યો હતો. દરમ્યાન પીડિતાના વકીલે કોટિયા પ્રોજેક્ટ્સની સક્રિય ભાગીદાર હોવાને કારણે મહિલાઓને જામીન આપવાનો વિરોધ કર્યો. આરોપીઓમાં તેજલ આશિષ દોશી, નેહા દીપેન દોશી, વૈશાખી યશ શાહ અને નૂતન પરેશ શાહનો સમાવેશ થાય છે. તેઓએ રજૂઆત કરી હતી કે તેઓ નિષ્ક્રિય ભાગીદાર હતા અને તપાસ પૂર્ણ થઈ ગઈ છે. તેથી તેમને જામીન ઉપર મુક્ત કરવા જોઈએ. અગાઉ, ન્યાયમૂર્તિ મેંગડેએ મૃતક બાળકોના ૧૨ પીડિત પરિવારોને મંજૂરી આપી હતી, જેમણે આવી અરજીઓનો વિરોધ કરવા માટે તેમના વકીલ મારફતે કોર્ટનો સંપર્ક કર્યો હતો. સતત ત્રણ દિવસ સુધી ચાલેલી સુનાવણી દરમ્યાન પીડિતોના એડવોકેટ દ્વારા મેસર્સ કોટિયા પ્રોજેક્ટ્સના ભાગીદારોને જામીન આપવા સામે સખત વિરોધ નોંધાવ્યો. વડોદરાના હરણી બોટ દુર્ઘટનામાં કુલ ૧૮ આરોપી સામે ગુનો નોંધાયો હતો. એ પૈકી ચાર મહિલા આરોપી તેજલ દોશી, નેહા દોશી, નૂતન શાહ અને વૈશાખી શાહની જામીન અરજી વડોદરાની કોર્ટે ફગાવી દેતાં તેમણે ગુજરાત હાઈકોર્ટમાં જામીન અરજી કરી હતી. ફરિયાદમાં નોંધાયેલા તમામ આરોપી વડોદરાના રહેવાસી છે. અત્રે ઉલ્લેખનીય છે કે, ૨૦૧૭માં કોટિયા પ્રોજેક્ટને હરણી તળાવના મેઈન્ટેનન્સ, બેંકવેટ હોલ, બોટિંગ વગેરેની જવાબદારી પબ્લિક પ્રાઈવેટ પાર્ટનરશિપ મોડલ ઉપર આપવામાં આવી હતી. ફરિયાદમાં લખવામાં આવ્યું હતું કે ક્ષમતા કરતાં વધુ લોકોને બોટમાં બેસાડતાં બોટ પલટી ખાઈ જતાં દુર્ઘટના સર્જાઈ હતી. આરોપીઓમાં કોટિયા પ્રોજેક્ટના સંચાલકો, ભાગીદારો વગેરેનો સમાવેશ થાય છે. આ કેસમાં ૨૭૦૦ પાનાંની ચાર્જશીટ વડોદરાની કોર્ટમાં રજૂ કરાઈ છે. ઉલ્લેખનીય છે કે, આરોપીઓએ ટ્રાયલ કોર્ટ સમક્ષ જામીન અરજીમાં જણાવ્યું હતું કે આરોપીઓ સામે ૩૦૪ નહીં, પરંતુ ૩૦૪(A)ની કલમ લાગે. બોટમાં બાળકો અને શિક્ષકો સેલ્ફી લેવા જતાં બોટ પલટી ખાઈ ગઈ હતી. વર્તમાન ચાર મહિલા આરોપીઓ કોટિયા પ્રોજેક્ટમાં ૫ ટકા જેટલી ભાગીદારી ધરાવે છે. તેઓ સ્લીપિંગ પાર્ટનર્સ છે, જેથી અન્યનું ગુનાહિત કૃત્ય તેમની ઉપર લાગુ પડે નહીં. સરકારી વકીલે ટ્રાયલ કોર્ટમાં ચારેય આરોપીના જામીન વિરૂદ્ધ રજૂઆતો કરી હતી કે FSLના રિપોર્ટમાં દુર્ઘટના બોટ ડૂબવાથી થઈ હોવાનું સ્પષ્ટ થાય છે. આ ભાગીદારી પેઢી હતી. ભાગીદાર તરીકે તેની પણ સુરક્ષાની જવાબદારી બને છે. ટ્રાયલ કોર્ટે આરોપીઓની અગાઉ જામીન ફગાવતાં નોધ્યું હતું કે માલિક, સંચાલકો વગેરેની ભૂલથી નિર્દોષોના જીવ ગયા છે.

# IPLમાં સૌથી ઝડપી ૨૦૦ સિક્સર ફટકારવામાં સંજુ સેમસન પ્રથમ સ્થાને

નવી દિલ્હી, તા.૧૦

આઈપીએલ ૨૦૨૪માં ૭મેની રાત્રે રાજસ્થાન રોયલ્સના કપ્તાન સંજુ સેમસને ૪૬ બોલમાં ૮૬ રનની સ્ફોટક ઈનિંગ રમી જેમાં આઠ ચોગ્ગા અને ૬ સિક્સર સામેલ હતી. આ સાથે જ આઈપીએલમાં સૌથી ઝડપી ૨૦૦ સિક્સર ફટકારનારા ભારતીય બેટ્સમેનોના લીસ્ટમાં સંજુ સેમસન સૌથી ઉપર આવી ગયો છે. ટોપ ફાઈવ બેટ્સમેનોમાં સંજુ સેમસન પ્રથમ સ્થાને છે જેણે દિલ્હી વિરૂદ્ધ ફક્ત ૧૫૯મી ઈનિંગમાં જ આ સિદ્ધિ પ્રાપ્ત કરી લીધી સંજુ સેમસને ધોનીનો રેકોર્ડ તોડ્યો ચેન્નાઈ દિગ્ગજ ખેલાડીએ ૧૬૫મી ઈનિંગમાં ૨૦૦ સિક્સર ફટકારી હતી. ભારતીય સ્ટાર અને આરસીબીનો સૌથી અનુભવી બેટ્સમેન વિરાટ કોહલી આ લીસ્ટમાં ત્રીજા સ્થાને છે જેણે ૨૦૦ સિક્સર ફટકારવા માટે ૧૮૦ આઈપીએલ ઈનિંગ રમી હતી. વિરાટની નીચે હિટમેન છે સિક્સર કિંગ રોહિત શર્માએ પોતાની ૨૦૦ સિક્સર ૧૮૫ ઈનિંગોમાં પૂરી કરી હતી તે લીસ્ટમાં ચોથા સ્થાને છે. સૌથી ઝડપી ૨૦૦ સિક્સર મારનાર ટોપ ફાઈવ બેટ્સમેનોની કલબમાં સુરેશ રૈનાનું નામ પણ સામેલ છે. રૈનાએ ૧૯૩ ઈનિંગમાં સિક્સરની ડબલ સેન્ચુરી પૂરી કરી હતી.

# છેલ્લા ૨૪ કલાકમાં રફાહ ઉપર ઈઝરાયેલી હુમલામાં ૩૫ પેલેસ્ટીનીઓનાં મોત થયા

(એજન્સી) તા.૧૦

એક આરોગ્ય સૂત્રએ જણાવ્યું કે, પાછલા ૨૪ કલાકમાં દક્ષિણી ગાઝા પટ્ટીના રફાહ ઉપર ઈઝરાયેલી તીવ્ર હવાઈ હુમલાઓના પરિણામ સ્વરૂપ ૩૫ પેલેસ્ટીની મૃત્યુ પામ્યા છે અને ૧૨૯ અન્ય ઘાયલ થયા છે. પેલેસ્ટીની પીડિત તે લોકો છે જે રફાહના શહેરના કુવૈત હોસ્પિટલમાં પહોંચ્યા હતા. તેમાં બાળકો અને મહિલાઓ પણ સામેલ છે. તાજેતરમાં રફાહ રહેણાંક ક્ષેત્રો સહિત પોતાના તમામ ક્ષેત્રોમાં તીવ્ર ઈઝરાયેલી હવાઈ હુમલાઓ અને ગોળીબારનો સામનો કરી રહ્યું છે. ઈઝરાયેલી સેનાએ રફાહના પૂર્વ ક્ષેત્રમાં પોતાનું આક્રમણ શરૂ કરી દીધું જેની હેઠળ ઈઝરાયેલી સેનાએ ઈજિપ્તની સાથે રફાહ ક્રોસિંગના પેલેસ્ટીની ભાગ ઉપર હુમલો કર્યો અને કબજો કરી લીધો જેનાથી ગાઝા પેલેસ્ટીનીઓનો દુનિયાની સાથે એક માત્ર પ્રવેશ દ્વાર બંધ થઈ ગયો. સંયુક્ત રાષ્ટ્ર મુજબ ઈઝરાયેલી યુદ્ધના સાત મહિના દરમ્યાન ગાઝાનો મોટો ભાગ નષ્ટ થઈ ગયો છે.

# હરદીપ નિજ્જરની હત્યા : અમેરિકાનું કહેવું છે કે, ભારતે તેની ગંભીરતા સમજીને તપાસ કરવી જોઈએ

## હરદીપસિંહ નિજ્જરની હત્યા : ગયા વર્ષે સપ્ટેમ્બરમાં ટ્રુડોના આરોપોને પગલે ભારત અને કેનેડા વચ્ચેના સંબંધો ગંભીર તણાવમાં આવ્યા હતા



(એજન્સી) તા.૧૦

યુએસએ કહ્યું કે, 'ભારતે શીખ અલગતાવાદી નેતા હરદીપસિંહ નિજ્જરની હત્યામાં ભારત સરકારની કથિત સંડોવણીના કેસ સાથે જોડાયેલા આરોપોને ખૂબ જ ગંભીરતાથી લેવા જોઈએ અને તપાસ કરવી જોઈએ. સરે શહેરમાં ગુરૂદ્વારાની બહાર ખાલિસ્તાની અલગતાવાદી નિજ્જરની હત્યામાં ભારતીય એજન્ટોની સંભવિત સંડોવણીના સપ્ટેમ્બરમાં કેનેડિયન વડાપ્રધાન જસ્ટિન ટ્રુડોના આરોપોને પગલે ભારત અને કેનેડા વચ્ચે ભારે તણાવ આવ્યો હતો. યુએસ સ્ટેટ ડિપાર્ટમેન્ટના પ્રવક્તા હરદીપસિંહ નિજ્જરની હત્યા સાથે જોડાયેલા ત્રણ લોકોની ધરપકડ અંગેના પ્રશ્નના જવાબમાં મેથ્યુ મિલરે કહ્યું, 'યુનાઈટેડ સ્ટેટ્સમાં જે આરોપો પરત કરવામાં આવ્યા હતા તેના સંદર્ભમાં હું કેનેડિયન અધિકારીઓને ત્યાં તપાસની વિગતો સાથે વાત કરવા માટે મોકલીશ. હું ન્યાય વિભાગને તેના વતી વિગતવાર વાત કરવા દઈશ અને પછી હું માત્ર એટલું જ કહીશ: જ્યારે તે રાજ્ય વિભાગની વાત આવે છે, ત્યારે અમે જ્યારે આ આરોપો સૌપ્રથમ સાર્વજનિક કરવામાં આવ્યા હતા ત્યારે સ્પષ્ટ થયું હતું કે અમને લાગે છે કે, ભારતે ખૂબ જ ગંભીરતાથી લેવી જોઈએ અને તપાસ કરવી જોઈએ.' મિલરે વધુમાં ભારપૂર્વક જણાવ્યું હતું કે, યુનાઈટેડ સ્ટેટ્સ આ બાબતની તપાસ માટે એક સમિતિની રચના કરવામાં આવ્યા પછી તપાસના પરિણામોની રાહ જોશે. 'તેઓએ આ બાબતની તપાસ કરવા માટે એક તપાસ સમિતિ ખોલી છે અને તે કામ ચાલુ છે, અને અમે પરિણામો જોવા માટે રાહ જોઈશું. પરંતુ અમે ખૂબ જ સ્પષ્ટ કર્યું છે કે, તે કંઈક છે જેને અમે ગંભીરતાથી લઈએ છીએ અને અમને લાગે છે કે તે કંઈક છે જેને તેઓએ ગંભીરતાથી લેવું જોઈએ,' તેમણે જણાવ્યું કે નિજ્જર હત્યા કેસમાં ત્રણ ભારતીય નાગરિકો ઉપર ફર્સ્ટ-ડિગ્રી મર્ડર અને હત્યાનું કાવતરૂં ઘડવાના આરોપ મૂકવામાં આવ્યાના દિવસો બાદ આ ટિપ્પણી આવી છે. કેનેડા પોલીસે ધરપકડ કરેલા લોકોની ઓળખ કરણપ્રીતસિંહ (૨૮), કમલપ્રીતસિંહ (૨૨) અને કરણ બ્રાર (૨૨) તરીકે થઈ છે. આલ્બર્ટાના એડમોન્ટનમાં ત્રણેયની ધરપકડ કરવામાં આવી હતી. પોલીસે ટોયોટા કોરોલા કારના ફોટોગ્રાફ સાથે ત્રણેય આરોપીઓના ફોટોગ્રાફસ પણ બહાર પાડ્યા હતા, જેનો તે દાવો કરે છે કે, નિજ્જરની હત્યા સુધીના સમયે શકમંદોએ તેનો ઉપયોગ કર્યો હતો. પાછળથી વડાપ્રધાન જસ્ટિન ટ્રુડોએ જણાવ્યું હતું કે, કેનેડા એક મજબૂત અને સ્વતંત્ર ન્યાય પ્રણાલી અને તેના નાગરિકોની સુરક્ષા માટે મૂળભૂત પ્રતિબદ્ધતા ધરાવતો કાયદાના નિયમનો દેશ છે. વિદેશપ્રધાન એસ. જયશંકરે કહ્યું હતું કે, નિજ્જરની હત્યાને લઈને કેનેડામાં ચૂંટણીમાં જે થઈ રહ્યું છે તે મોટાભાગે તેમની આંતરિક રાજનીતિને કારણે છે અને તેને ભારત સાથે કોઈ લેવા દેવા નથી. એસ. જયશંકરે દલીલ કરી હતી કે, કેનેડા તેના દાવાઓને સમર્થન આપ્યા વિના ભારત પર ખોટા કામનો આરોપ લગાવે છે. ગયા વર્ષે સપ્ટેમ્બરમાં ખાલિસ્તાન અલગતાવાદી ૪૫ વર્ષીય નિજ્જરની હત્યામાં ભારતીય એજન્ટોની સંભવિત સંડોવણીના ટ્રુડોના આરોપોને પગલે ભારત અને કેનેડા વચ્ચેના સંબંધો ગંભીર તણાવમાં આવ્યા હતા. ૧૮ જૂન, ૨૦૨૩ના રોજ બ્રિટિશ કોલંબિયાના સરેમાં ગુરૂદ્વારાની બહાર તેમની ગોળી મારીને હત્યા કરવામાં આવી હતી. નવી દિલ્હીએ ટ્રુડોના આરોપોને વાહિયાત અને પ્રેરિત ગણાવીને ફગાવી દીધા છે. કેનેડામાં શીખ અલગતાવાદી જૂથોની હાજરીએ લાંબા સમયથી ભારતને નિરાશ કર્યું છે, જેણે નિજ્જરને આતંકવાદી તરીકે નિયુક્ત કર્યો હતો.

### ૧૭૧ શ્રીમદ ભાગવત કથા તથા નિ:શુલ્ક સેવા યજ્ઞ સાથે

# જૂનાગઢમાં રૂક્ષ્મણી વિવાહ પ્રસંગમાં બ્રાહ્મણની દિકરીના લગ્ન યોજાયા






જૂનાગઢ તા. ૧૦ શ્રી ગાયત્રી પરિવાર શક્તિપીઠ, સત્યમ સેવા યુવક મંડળ ટ્રસ્ટ, શક્તિ ચેરીટેબલ ટ્રસ્ટ, તેમજ શ્રીજી લોક સેવા ફાઉ. જુનાગઢ ના સંયુક્ત ઉપક્રમે આ ભાગવતનું આયોજન કરાયું હતું. ભાગવત કથામાં રૂક્ષ્મણી વિવાહ પ્રસંગે એક જરૂરીયાતમંદ બ્રાહ્મણ પરિવારની દીકરીરના લગ્નનો પ્રસંગ પણ યોજાયો હતો.

શ્રી ગાયત્રી શક્તિપીઠ, ગિરનાર રોડ - જૂનાગઢ ખાતે તા.૧/૫/૨૪ થી ૭/૫/૨૪ ના સમય દરમ્યાન ખૂબ જ ધામધૂમથી ભાગવત કથાનું આયોજન કરાયું હતું. જેમાં રૂક્ષ્મણી વિવાહ પ્રસંગે એક બ્રાહ્મણ પરિવારની દિકરીના લગ્ન પણ કરાવી આપ્યા હતા. લગ્નની ઝાંખીરૂપ ભગવાન શ્રીકૃષ્ણ અને રૂક્ષ્મણીનો ફોટો રાખી રૂક્ષ્મણી વિવાહ પ્રસંગના રૂપમાં બ્રાહ્મણ પરિવારની દિકરીના લગ્ન કરાવ્યા હતા. ભાગવત કથાના મંડપમાં જ આ લગ્નનું આયોજન કરી દિકરીને સાસરે વિદાય આપી અને ગોર મહારાજની સાક્ષીએ આશીર્વાદ લઈને ભારે હૈયે દીકરીને વળાવી હતી. સાથે ૮૫ જેટલી વસ્તુઓ પણ કરિયાવરમાં આપી હતી.

આ સમય દરમ્યાન મધુરમમાં રહેતા રીક્ષા ચાલક મહેશભાઈ ભોજકના પુત્રને અકસ્માતમાં ગંભીર ઈજા થતાં માથામાં વાગતા તાત્કાલિક રૂપિયાની જરૂર પડી, અને તેઓનું અમૃતમ કાર્ડ પણ ચાલતું ન હતું. અને તાત્કાલિક ખાનગી હોસ્પિટલમાં સારવારની જરૂર હતી. જીવન-મરણ વચ્ચે ઝોલા ખાતા દિકરાની વ્હારે જેમ ભગવાન પધારે એ રીતે આ વાત આ સંસ્થાના કાને સાદ સંભળાતા માનવતાની મહેક ખીલી ઉઠી હતી અને આ ગરીબ પરિવારની ઝોલીમાં દરેક શ્રોતાગણ દ્વારા યથાયોગ્ય યોગદાન આપેલું. તેની સારવાર માટે કથા મંડપમાં બેઠેલા ભક્તજનો દ્વારા સત્વરે માત્ર ૧ કલાકમાં ૫૦,૭૦૦/- જેવી રકમ એકઠી થયેલ હતી. માનવતાનો સાદ સાંભળીને જેમ વાલો પધારે એવી જ રીતે આ માનવતાની મહેંક ખીલી ઉઠી હતી. આ ભાગવત કથાના મુખ્ય આયોજક નાગભાઈ વાળા, મનસુખભાઈ વાજા, આશિષભાઈ રાવલ, અને અમુભાઈ પાનસુરીયાના સહિયારા પ્રયાસોથી સેવાયજ્ઞ યોજાયો હતો.

કથામાં વ્યાસપીઠ પરથી રવિભાઈ દવે (મોણપરી વાળા) તરફથી ભાગવતનું રસપાન કરાવ્યું હતું. ૧૭૧ નિ:શુલ્ક સેવા યજ્ઞના ભોજન પ્રસાદના દાતા મોરબીના ભામાશા અને વર્તમાન યુગના જલારામ મા. શ્રી જમનાદાસ બાપા (હરિહર અન્નક્ષેત્ર) તરફથી યોગદાન મળેલ હતું. આ સેવા યજ્ઞમાં રવિન્દ્રભાઈ વ્યાસ, જીતુભાઈ નેનુજી , અલ્પેશભાઈ પરમાર, બટુકબાપુ, શાંતાબેન બેસ, શ્રી રવજીભાઈ, ભાભલુ બાપુ, ખીમજીભાઈ ડાભી, મનોજભાઈ સાવલિયા, પ્રવીણભાઈ જોશી, ચંપકભાઈ જેઠવા, હીનાબેન જાની, કે.કે. ગોસાઈ , મનોહરસિંહ ઝાલા, કેતનભાઈ નાંઢા, પરેશભાઈ બાંટવીયા, નટુભાઈ વ્યાસ, હરેશભાઈ ઠાકર, રાજુભાઈ વ્યાસ, કમલેશભાઈ ટાંક દ્વારા આ સેવા યજ્ઞમાં પોતાનો કિંમતી સહયોગ આપ્યો હતો.

# ટ્રેનની જનરલ ટિકિટ હવે ઘરબેઠાં ઓનલાઇન બુક થઇ શકશે




(પ્રતિનિધિ દ્વારા)

દ્વારકા તા. ૧૦ યૂટીએસઓન મોબાઈલ એપ પશ્ચિમ રેલવેના ગૈર-ઉપનગરીય અને ઉપનગરીય ખંડ પર ઉપલબ્ધ છે. ટિકિટ મેળવવાની આ પદ્ધતિ રેલવે મુસાફરોમાં ખૂબ જ લોકપ્રિય બની છે અને વધુને વધુ લોકો આ મોબાઈલ એપનો ઉપયોગ કરી રહ્યા છે, જેના કારણે એપ દ્વારા ટિકિટના વેચાણમાં નોંધપાત્ર વધારો થયો છે. મુસાફરોની સુવિધાને વધુ વધારવા અને મુસાફરો માટે ટિકિટ બુકિંગ પ્રક્રિયાને સરળ બનાવવા માટે, ભારતીય રેલ્વેએ હવે નયૂટીએસ ઑન મોબાઈલ એપથ પર જિયો-ફેન્સિંગ પ્રતિબંધોની બાહ્ય મર્યાદા દૂર કરી છે. આ ત્રણ પસીથ ડિજિટલાઈઝેશન પહેલનો એક ભાગ છે જેનો હેતુ કોન્ટેક્ટલેસ ટિકિટિંગ, કેશલેસ વ્યવહારો અને ટિકિટ બુક કરતી વખતે ગ્રાહકની સુવિધા અને અનુભવને પ્રોત્સાહન આપવાનો છે.

પશ્ચિમ રેલ્વેના મુખ્ય જનસંપર્ક અધિકારી સુમિત ઠાકુરે જારી કરેલી પ્રેસ રીલીઝ મુજબ મોબાઈલ એપ પર યૂટીએસ લોન્ચ કરવાનો મુખ્ય ઉદ્દેશ ડિજિટલ ટિકિટિંગ મોડને પ્રોત્સાહિત કરવાનો, સેલ્ફ ટિકિટિંગ પ્રોત્સાહન આપવાનો અને એ સુનિશ્ચિત કરવાનો છે કે મુસાફરો કતારોની મુશ્કેલીનો સામનો કર્યા વિના ટિકિટ ખરીદી શકે. તાજેતરમાં, રેલ્વેએ અંતર પ્રતિબંધમાં ફેરફાર કર્યો છે અને હવે મોબાઈલ એપ્લિકેશન ઓન યુટીએસ પર જીઓ-ફેન્સિંગ પ્રતિબંધની બાહ્ય મર્યાદા દૂર કરી છે. જિયો-ફેન્સિંગની બાહ્ય મર્યાદા દૂર કર્યા પછી, મુસાફરો હવે ઘરે બેસીને કોઈપણ સ્થળેથી કોઈપણ ગંતવ્ય સ્થાનની ટિકિટ બુક કરી શકશે. જો કે, મુસાફરોએ ટિકિટ બુક કર્યાના એક કલાકની અંદર સબબર્ન સોર્સ સ્ટેશનથી તથા નોન-સબર્બન ટ્રેનોના કિસ્સામાં, વ્યક્તિએ ત્રણ કલાકની અંદર ટ્રેન પકડવી પડશે. યુટીએસ ઓન મોબાઈલ એપનો ઉપયોગ કરવાનો એક વધારાનો ફાયદો એ છે કે મુસાફરોને આર-વોલેટ રિચાર્જ પર ૩% બોનસ મળશે.

પશ્ચિમ રેલ્વે તેના આદરણીય ગ્રાહકોને મોબાઈલ ટિકિટિંગ એપ પર યુટીએસના ઉપયોગને પ્રોત્સાહન આપવા અને તેના ઉપયોગ સાથે સંકળાયેલા લાભોનો લાભ લેવા વિનંતી કરે છે. પશ્ચિમ રેલવેએ આધુનિક ટિકિટિંગ મોડ્સના ઉપયોગને લોકપ્રિય બનાવવા માટે ઘણા પગલાં લીધાં છે અને આ મહત્વપૂર્ણ ઉદ્દેશ્યને પ્રાપ્ત કરવાનું ચાલુ રાખશે.

આ સંદર્ભે પશ્ચિમ રેલવે દ્વારા મહત્વના રેલવે સ્ટેશનો પર વિવિધ પ્રચાર અભિયાનો યોજવામાં આવી રહ્યા છે.પશ્ચિમ રેલ્વેના સત્તાવાર સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પર વધુ મુસાફરોમાં રસ પેદા કરવા, મોબાઈલ એપ્લિકેશન પર યુટીએસની સુવિધાઓ અને લાભો વિષે જાગૃતિ લાવવા અને મોબાઈલ ટિકિટિંગ એપ્લિકેશન પર યુટીએસના ફાયદાઓ વિષે યુવાનો સુધી પહોંચવા માટે ક્રિએટિવ અને ઈન્ફોટેનમેન્ટ આધારિત વેબકાર્ડ પોસ્ટ કરવાંમાં આવે છે.

### ધી જૂનાગઢ કોમર્શિયલ કો.ઓપ.બેંક લિ.ની

# કેશોદ શાખાનું નવા રૂપરંગ અને આધુનિક સુવિધાસભર સાથે લોકાર્પણ કરાયું



જૂનાગઢ તા. ૧૦ છેલ્લા ૫૩ વર્ષથી બેન્કીંગ ક્ષેત્રે અવિરત સેવા આપતી ધી જૂનાગઢ કોમર્શિયલ કો.ઓપ.બેંક લિ.ની વણથંભી વિકાસ યાત્રાની આગવી પરંપરા મુજબ કેશોદ શાખા નવા રૂપરંગ, અદ્યતન ટેકનોલોજી તથા આધુનિક સુવિધાથી સંપુર્ણ વાતાનુકુલીત શાખાનો આજ તા.૧૦-૫-૨૪ પૂ.પાદ ગોસ્વામી ૧૦૮ શ્રી ઉત્સવરાયજી મહારાજના વરદ્દહસ્તે શુભારંભ કરવામાં આવેલ છે.

આ પ્રસંગે અતિથી વિશેષ તરીકે રાજયના મત્સય પશુપાલન ડેરી વિભાગના મંત્રી દેવાભાઈ માલમ, કેશોદ નગરપાલિકાના પ્રમુખ નેહલભાઈ ગોંડલીયા તેમજ વિવિધ ક્ષેત્રના અગ્રણી, આગેવાનો તેમજ સહકારી તેમજ બેન્કીંગ ક્ષેત્રના આગેવાનો, પદાધિકારીઓ ખાસ ઉપસ્થિત રહયા હતા. ધી જૂનાગઢ કોમર્શિયલ કો.ઓપ.બેંક લિ.ના ચેરમેન સાગરભાઈ કોટેચા, પુર્વ ચેરમેન ડોલરભાઈ કોટેચા, વાઈસ ચેરમેન વિજયસિંહ રાયજાદા, એમડી જયોતિષભાઈ માંકડ, સીઈઓ રાજેશભાઈ મારડીયા તેમજ બોર્ડ ઓફ ડીરેકટર તથા કર્મચારી ગણની ઉપસ્થિતીમાં આ કેશોદ શાખા આધુનિક સુવિધાથી સંપુર્ણ વાતાનુકુલીત શાખાનો શુભારંભ થયો છે. અને ગ્રાહકોને ઉત્તમ પ્રકારની બેન્કીંગ સેવાઓ પુરી પાડવાનો નિર્ધાર પણ વ્યકત કરવામાં આવેલ હતો.

# દેવભૂમિ દ્વારકા જિલ્લામાં ધોરણ.૧૨ સામાન્ય પ્રવાહનું ૯૫.૦૩ ટકા અને વિજ્ઞાન પ્રવાહનું ૮૬.૪૬ ટકા પરિણામ

(પ્રતિનિધિ દ્વારા)

દ્વારકા તા. ૧૦ વર્ષ ૨૦૨૩ના પરિણામની સાપેક્ષમાં વર્ષ ૨૦૨૪માં ધો.૧૨ સામાન્ય પ્રવાહના પરિણામમાં ૧૪.૧૩ ટકા અને ધોરણ ૧૨ વિજ્ઞાન પ્રવાહના પરિણામમાં ૧૫.૪૨ ટકાનો વધારો જોવા મળેલ છે. ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા ધોરણ-૧૨ વિજ્ઞાન/સામાન્ય પ્રવાહનું ગઈકાલે તા. ૦૯/૦૫/૨૦૨૪ પરિણામ જાહેર કરવામાં આવ્યું છે. દેવભૂમિ દ્વારકા જિલ્લા શિક્ષણાધિકારીની કચેરીના પ્રાપ્ત થયેલા અહેવાલ મુજબ ધોરણ-૧૨ વિજ્ઞાન પ્રવાહમાં જિલ્લાનાં કુલ ૩૪૭ છાત્રોએ પરીક્ષા આપી હતી. જેમાંથી ૩૦૦ વિદ્યાર્થીઓ ઉતીર્ણ થયા છે. જેમાં A1 - 0, A2 - 20, B1 - 58, B2 - 76, C1 - 86, C2 - 50 વિદ્યાર્થીઓએ ગ્રેડ પ્રાપ્ત કર્યા છે. નોંધનીય છે કે વર્ષ ૨૦૨૩માં જિલ્લામાં ધોરણ ૧૨ વિજ્ઞાન પ્રવાહનું પરિણામ ૭૧.૦૫ ટકા નોંધાયું હતું. વર્ષ ૨૦૨૩ની સાપેક્ષમાં પરિણામમાં ૧૫.૪૨ ટકાનો વધારો થયો છે.

જ્યારે જિલ્લામાં ધોરણ-૧૨ સામાન્ય પ્રવાહનું પરિણામ ૯૫.૦૩ ટકા આવ્યુ છે.જિલ્લાનાં કુલ ૩૫૧૮ વિદ્યાર્થીઓએ પરીક્ષા આપી હતી. જેમાંથી ૩૩૪૩ વિદ્યાર્થીઓ ઉતીર્ણ થયા છે. જેમાં A1 - 23, A2 - 519, B1- 939, B2 - 987, C1- 630, C2 - 227, વિદ્યાર્થીઓએ ગ્રેડ પ્રાપ્ત કર્યા છે. નોંધનીય છે કે વર્ષ ૨૦૨૩માં જિલ્લાનું પરિણામ ૮૦.૯૦ ટકા નોંધાયું હતું. વર્ષ ૨૦૨૩ની સાપેક્ષમાં પરિણામમાં ૧૪.૧૩ ટકાનો વધારો થયો છે. તમામ છાત્રોને જિલ્લા વહીવટી તંત્ર અને શિક્ષણાધિકારીની કચેરી દ્વારા અભિનંદન પાઠવવામાં આવ્યા છે.

# કોડીનારની એસટી સુવિધા વધારવા બાબતે અમરેલી વિભાગની ઉદાસીનતા

(મુગલ અલ્તાફ દ્વારા)

કોડીનાર તા. ૧૦ સમગ્ર ગુજરાત રાજયમાં સૌથી ઓછી એસટી સુવિધા ધરાવતો ડેપો એટલે અમરેલી વિભાગનો કોડીનાર ડેપો. આ તાલુકાને અમરેલી વિભાગ દ્વારા સતત અન્યાય કરવામાં આવી રહ્યો છે. ક્યારેક વાહનોની ઘટ હોય તો ક્યારેક સ્ટાફની ઘટ. ગત વર્ષે નિગમ દ્વારા છોટાઉદેપુર-સોમનાથ વલસાડ-સાળંગપુર વલસાડ-ધંધુકા વિસનગર-સોમનાથ મેઘરજ-અમરેલી જામજોધપુર-વડોદરા ધોળા-છોટાઊદેપુર જેવા પાંચસો કીલોમીટર થી પણ વધુ અંતરના તદન નવા બસ રૂટો શરૂ કરાયા. ખુદ અમરેલી વિભાગ દ્વારા વડીયા-સુરત વડીયા-બાપુનગર રાજુલા-પોરબંદર ઊના-દ્વારકા જેવા તદન નવા રૂટો શરૂ કર્યા. જયારે કોડીનાર ડેપોથી નવા રૂટો તથા બંધ રૂટો શરૂ કરવા અવારનવાર માગણીઓ હોવા છતાં પણ એકપણ નવો રૂટ શરૂ ન કરાયો. અરે કોડીનાર ડેપોના બંધ રૂટો પણ શરૂ ન કરાયા. ચાલુ વર્ષે કવાટ-સોમનાથ માંડવી-સાળંગપુર જંબુસર-બોટાદ જેસર-સુરત અડાજણ-આકોલવાડી અડાજણ-સતાધાર જેવા તદન નવા રટો શરૂ કરાયા. જયારે બીજી તરફ કોડીનારમા બગસરાની લોકલ બસ તથા અમુક આવતા રૂટો સ્ટાફ શોર્ટેઝ ના કારણે બંધ રાખવામાં આવે છે. કોડીનાર-ગાધીનગર તથા કતારગામ ની બસ બારે મહિના પેક દોડે છે. છતાં અમરેલી વિભાગના પેટનું પાણી હલતું નથી. કોડીનારના રાજકીય અગ્રણીઓ પણ આ બાબતે અવારનવાર રજૂઆત કરી ચુક્યા છે. કોડીનારથી અમદાવાદ, વડોદરા, સુરત, મુંબઈ, પોરબંદર, ઓખા, ભૂજ, હિંમતનગર, સિધ્ધપુર માટે ખાનગી વાહનોમાં પણ જગ્યા મળતી નથી. કોડીનારની જનતા ઘેટા બકરાં જેમ મુસાફરી કરી રહી છે. ગુજરાત સરકાર તો જનતાની સુવિધા વધારવા તત્પર છે પણ અમરેલી એસટી વિભાગને આળસ છે કે પછી પાછલા બારણે બીજું કંઈક રંધાઈ રહ્યું છે. એ તો તંત્ર જ જાણે.

# માંગરોળ શ્રીહીંગળાજ મંદિરે માતાજીનો પ્રાગટ્ય દિવસ પાટોત્સવ ઉજવાયો



(પ્રતિનિધિ દ્વારા)

માંગરોળ તા. ૧૦ જૂનાગઢના માંગરોળમાં અતિ પૌરાણિક શક્તિપીઠ હીંગળાજ માતાજીના મંદિર ખાતે ચૈત્રી અમાસના દિવસે માતાજીનો પાટોત્સવમાં હીંગળાજ પ્રાગટ્ય દિવસની ઉજવણી કરાઈ હતી. જેમાં સવારે મંગળા આરતી અને સાંજે સંધ્યા આરતી સાથે રાત્રે માતાજીના બેઠા ગરબાનું ભવ્ય આયોજન કરાયું હતું. આ અવસરે શહેરના વિવિધ ધુન મંડળોના ગાયકો દ્વારા માતાજીની અલગ અલગ સુંદર સ્તુતિ સાથે ગરબાની રમઝટ બોલાવી સમગ્ર વાતાવરણ ગુંજી ઉઠયુ હતું. માંગરોળના આ અતિ પ્રાચીન સ્વયંમભુ પ્રગટ હીંગળાજ મંદિરના મંહત શ્રી દિનુબાપુ અને મહંત શ્રી તરૂણબાપુની ઉપસ્થિતીમાં માતાજીના પ્રાગટ્ય દિવસની ઉજવણી અંતર્ગત ભક્તિમય કાર્યક્રમોનું આયોજન કરાતા માંગરોળ પીએસઆઈ ડામોર, વિશ્વ હિન્દુપરિષદના આગેવાન વિનુભાઈ મેસવાણીયા, પ્રકાશભાઈ લાલવાણી, પરેશભાઈ જોષી સહિત વિવિધ સામાજિક ધાર્મિક સંગઠનોના હોદ્દેદારો, વેપારી અગ્રણીઓ સહીત મોટી સંખ્યામાં ભાઈઓ બહેનો, માઈભક્તોએ માતાજીના દર્શન સાથે ગરબાનો લાભ લઈ ધન્યતા અનુભવી હતી. સમગ્ર કાર્યક્રમનુ સુંદર સંચાલન જાણીતા ઉદ્દ્ઘોષક રમેશભાઈ જોષી દ્વારા કરવામાં આવ્યુ હતું.

# ઉનામાં બ્રહ્મસમાજ દ્વારા પરશુરામ જયંતિની ભવ્ય ઉજવણી



ઉના તા. ૧૦ બ્રહામણો ના આરાધ્ય દેવ અને ભગવાન વિષ્ણુના છઠ્ઠા અવતાર શ્રી પરશુરામ ભગવાનનો જન્મ મહોત્સવ ઊના શહેર અને તાલુકાના તમામ બ્રહામણો દ્વારા પરશુરામ યુવા સંસ્થાન, સમસ્ત બ્રહ્મસમાજ, સમુહ લગ્ન સમિતિ, બ્રહ્મ કર્મચારી મંડળ, ઉન્નત પૂરમ સંસ્કૃત વિદ્યાલય ઊનાની આગેવાની હેઠળ આજે તા.૧૦ ને શુક્રવારે યોજાશે. બપોર ના બે વાગ્યા પછી તમામ બ્રહામણો પોતાના કામ ધંધા બંધ રાખી ટાવર ચોક પાસે આવેલ બ્રહ્મ સમાજની વાડીએ શ્રી ભગવાન પરશુરામની મૂર્તિની વિધિ પૂર્વક પૂજન કરવામાં આવશે. ત્યારબાદ કેશરી ખેસ ધારણ કરી ભગવાન પરશુરામની મૂર્તિને શણગારેલ રથમાં બિરજાવી વાજતે ગાજતે ભવ્ય શોભા યાત્રા શરૂ થશે જે શહેરના મુખ્ય મુખ્ય માર્ગેમાં ફરી સાંજે કન્યા વિદ્યાલયના મેદાનમાં પૂર્ણ થશે અને મહાઆરતી કરવામાં આવશે. ત્યારપછી સમુહ મહાપ્રસાદ યોજાશે જેમાં ઊના શહેર અને તાલુકાના સમસ્ત બ્રહ્મસમાજના સહ પરિવાર મહાપ્રસાદ લેશે. રાત્રિના બ્રહ્મસમાજના કલાકારો દ્વારા સંગીત સંધ્યા યોજાશે તેમ એક યાદીમાં જણાવેલ છે.

# યાત્રાધામ બેટ દ્વારકા પર બનેલા સુદર્શન બ્રીજ પર ટોલ ટેક્ષના બદલે પાર્કિંગ ચાર્જ !!?

(સુરેશચંદ્ર ધોકાઈ દ્વારા)

ઓખા તા.૧૦

કુદરતી રચના પ્રમાણે ચારે તરફ આવેલ સમુદ્ર ના પાણી વચ્ચે વસેલા ટાપુ પર આવેલા ભગવાન કૃષ્ણ ના રહેણાંક સ્થાન તરીકે જગ વિખ્યાત યાત્રાધામ બેટ દ્વારકા આવવા જવા માટે ફક્ત ફરી સર્વિસ ની બોટ એક માત્ર વિકલ્પ હતો અને તેમની દાદાગીરી અને લૂંટ માંથી બચાવવા અને યાત્રિકો સલામતી પૂર્વક રાઉન્ડ ધ કલોક ત્યાં આવી જઈ શકે અને ત્યાંની પ્રજા ને પણ દુનિયા સાથે રાઉન્ડ ધ કલોક જોડી શકાય તેવા આશય સાથે કેન્દ્ર સરકાર ની નેશનલ હાઈવે ઓથોરિટી દ્વારા ઓખા બેટ વચ્ચે દેશ નો સૌ પ્રથમ ત્રણ કિલોમીટર લાંબો કેબલ બ્રીજ આશરે રૂપિયા ૯૫૦.૦૦ કરોડ ના ખર્ચે તૈયાર કરી ચૂંટણી આચારસંહિતા અમલી બને તે પહેલાં તેને સંલગ્ન સુવિધાઓ પૂર્ણ કર્યા વગર આપણાં વડાપ્રધાન દ્વારા બે માસ પહેલા લોકાર્પણ કરી રાષ્ટ્ર ને એક નવું નઝરાણું આપી દેશ વિદેશ ના યાત્રિકો પ્રવાસીઓને માટે યાત્રાધામ ને ધાર્મિક અને પર્યટન ક્ષેત્રે એક જોવા લાયક સ્થળ માં ફેરવી આપેલ છે.

જેના ફળ સ્વરૂપ નહિ યાત્રિકો,પર્યટકો નો ધસારો આવનારા દિવસો માં થશે. ત્યારે ખાનગી નાના મોટા વાહનો લઈ ને આવતા યાત્રિકો,પર્યટકો માટે તેમના વાહનો સલામત પાર્ક ક્યાં કરવા તેવા પ્રશ્ન નો નિકાલ તંત્ર દ્વારા કરોડો રૂપિયા ની કિંમત ની સરકારી જમીન પર આશરે બે ત્રણ કરોડ રૂપિયા ખર્ચી ઓખા અને બેટ દ્વારકા પાસે મોટા પાર્કિંગ પ્લોટ ઊભા કરવામાં આવ્યા છે. જેમાં વાહન પાર્ક કરવાના નામે આ સુદર્શન બ્રીજ પર નો ટોલ ટેક્ષ વસુલવાની હિલચાલ ચાલુ થયેલ છે. જેના પગલે પ્રજામાં રોષ વ્યાપ્યો હોવાનું બહાર આવેલ છે કારણ કે વાહન ખરીદી વખતે રોડ ટેક્ષ,પેટ્રોલ ડીઝલ ની ખરીદી પર રોડ ટેક્ષ વસુલ કરવામાં આવે છે. ત્યારે યાત્રાધામો ના વિકાસ માં મહત્વ નો ફાળો આપનાર યાત્રિકો,પર્યટકો ને સારી સલામત પ્રાથમિક સુવિધાઓ આપવાના બદલે પેઈડ પાર્કિંગ ઝોન ઉભુ કરી ખાનગી માં ખાનગી કોન્ટ્રાકટ દ્વારા ચોક્કસ ખાનગી વ્યક્તિઓ ને મોટો આર્થિક લાભ આપવાની ચાલુ થયેલ હિલચાલ સામે પ્રજા માં રોષ વ્યપ્યાનું બહાર આવેલ છે...

**સરકારી જમીન,સરકારી ખર્ચે તૈયાર થયેલ પાર્કિંગ પ્લોટ નો કોન્ટ્રાક્ટ ખાનગી માં મેળવવાં ચાલતી હિલચાલ?!!!**

સરકારી જમીન પર સરકારી ખર્ચે તૈયાર થયેલા પાર્કિંગ ઝોન ને સરકારી તંત્ર દ્વારા મફત અથવા સુવિધા યુક્ત સામાન્ય મેઈન્ટન ચાર્જ વસૂલ કરી સુનિશ્ચિત ચલાવવા ના બદલે મોટી આર્થિક આવક મેળવવા માટે નું એક વ્યવસ્થિત કોભાંડ હોવાની શંકા કુશંકા પ્રજામાં વ્યપ્યા નું બહાર આવેલ છે. હકીકત માં આ સુદર્શન બ્રીજ કે જે યાત્રાધામ ને રાહ રસ્તે જોડતું હોય તેના પર પસાર થવાનો જો ટોલ ટેક્ષ વસુલ કરવામાં આવે તો યાત્રિકો માં રોષ ફેલાય તેવો ભય ઉભો થતાં હવે વાહન પાર્કિંગ ચાર્જ ના નામે "વસૂલી" આગામી દિવસો માં ચાલુ થવાની હકીકતો બહાર આવતા આની પાછળ કંઈક કોભાંડ રચાવાની શક્યતા નકારી શકાતી નથી.

**ચૂંટણી આચાર સંહિતા આવતા ખોરંભે ચડ્યું કોભાંડ હવે તેના હટવા ની રાહ જોય છે?!!!**

હકીકત માં આ સુદર્શન બ્રીજ ના પાયા ના સ્ટ્રકચર જેવા તેના ઊભા પાઈલસ (પીલર) અને તેના ઉપર ના અને આવન જાવન માટે ના રાહ નીચે ના ભાગ પર સ્પેશયલ એન્ટી સોલ્ટ વોટર પેન્ટ લગાવવાનું કામ બાકી હતું અને પાર્કિંગ ઝોન નું પણ કામ બાકી હતું પરંતુ લોકસભા ૨૦૨૪ ની સામાન્ય ચૂંટણી ની આચાર સંહિતા લાગુ પડે તે પહેલા કોઈપણ સંજોગો માં સુદર્શન બ્રીજ નું લોકાર્પણ કરવાની કામગીરી જેમ તેમ પૂર્ણ કરવામાં આવેલ પરંતુ પાર્કિંગ ઝોન સામાન્ય સુવિધા સાથે કોઈપણ ચાર્જ વગર ચાલુ કરવામાં આવ્યા બાદ હવે તેને ખાનગી માં ખાનગી કોન્ટ્રાક્ટ માં આપવાની ગતિવિધિ ચાલુ થયા નું અને તે મેળવવા માટે ના ચક્રો ગતિમાન થયા નું અને ચૂંટણી આચારસંહિતા પૂર્ણ થયા બાદ તેની અમલવારી થનાર હોવાનું બહાર આવતા યાત્રિકો માં રોષ ઉત્પન્ન થયા નું અને આ પ્રશ્ને કાનૂની કાર્યવાહી પણ ભવિષ્ય માં થનાર હોવાનું નકારી શકાતું નથી.

# તાલાલામાં અનુભવાયેલા ભૂકંપના આંચકા બાદ તુરંત જ જિલ્લા વહીવટી તંત્ર દ્વારા લોકોને જાગૃત કરવાનાં પગલાં લેવાયાં



## તંત્ર વાહકો દ્વારા રૂબરૂ જઈને તેમજ દીવાલો પર પોસ્ટરો લગાવીને વ્યાપક જનજાગૃતિ ફેલાવાઈ

વેરાવળ તા.૧૦

કુદરતી આપત્તિઓ પર માનવનો અંકુશ હોતો નથી, પરંતુ તેના પર નિયંત્રાત્મક પગલાં દ્વારા તેની તીવ્રતા ઘટાડી શકાય છે. ભૂકંપ પણ આવો જ એક કુદરતનો પ્રકોપ છે, તેને આપણે અટકાવી શકતા નથી, પરંતુ તેના અંગે જનજાગૃતિ ફેલાવીને તેનાથી થતું જાનમાલનું નુકસાન આપણે અટકાવી શકીએ છીએ.

બે દિવસ અગાઉ બપોરે ત્રણ વાગ્યા બાદ તાલાલામાં અનુભવાયેલા ભૂકંપના આંચકા બાદ જિલ્લા કલેકટર શ્રી દિગ્વિજયસિંહ જાડેજાના માર્ગદર્શનમાં તાલાલા મામલતદાર અને તાલુકા વિકાસ અધિકારી અને તેમની ટીમ દ્વારા ભૂકંપગ્રસ્ત વિસ્તારમાં રૂબરૂ જઈને લોકોને ભૂકંપ બાદ કેવાં પગલાં લેવાં જોઈએ. તેની લોકોને સમજૂતી આપવામાં આવી હતી.

આ ઉપરાંત, લોકોના ઘર, દુકાન, ગલ્લાં અને ઘર-ઘર સુધી તલાટી અને સરપંચને સાથે રાખીને પોસ્ટર લગાવીને તથા પત્રિકાઓના વિતરણ દ્વારા ભૂકંપ વખતે અને ભૂકંપ બાદ શું કરવું જોઈએ, તેના પગલાઓ વિશે વ્યાપક સમજ આપવામાં આવી હતી.

આમ, તાલાલા તાલુકામાં વારંવાર આવતા ભૂકંપના આંચકાઓને પગલે લોકોમાં ભયનો માહોલ ન ફેલાય અને લોકો સ્વસ્થતા જાળવી તેનો મક્કમતાથી મુકાબલો કરે તે માટે લોકોને સાવધ અને સચેત કરી સાવધાનીપૂર્વકના પગલાંઓ લેવા માટેની પૂરતી સમજ આપવામાં આવી હતી.

# કેશોદમાં ભગવાન પરશુરામ જન્મોત્સવ નિમિત્તે પુર્વ સંધ્યાએ બાઈક રેલી નીકળી




(કમલેશ જોષી દ્વારા)

કેશોદ તા.૧૦

ભગવાન વિષ્ણુનો છઠ્ઠો અવતાર સર્વ સમાજના આરાધ્યદેવ અને ભગવાન શિવનાં પ્રિય શિષ્ય ચિરંજીવી ભગવાન પરશુરામ જન્મોત્સવ નિમિત્તે પુર્વ સંધ્યાએ કેશોદ શહેરમાં સમસ્ત બ્રહ્મસમાજ દ્વારા શહેરના મુખ્ય માર્ગો પર બાઈક રેલી કાઢવામાં આવી હતી. કેશોદના નિલકંઠ મહાદેવ મંદિર ખાતે થી બાઈક રેલી ડીજે ના તાલે શરૂ કરી જય જય પરશુરામ હર હર મહાદેવ ના નાદ સાથે શહેરના આંબાવાડી, અમૃતનગર, સ્ટેશન રોડ, ચાર ચોક, નવદુર્ગા મંદિર, માંગરોળ રોડ, શરદચોક થઈને શ્રી વાઘેશ્વરી માતાજી મંદિર ખાતે પુર્ણ થઈ હતી. કેશોદ સમસ્ત બ્રહ્મસમાજ ના ટ્રસ્ટી મંડળ, કારોબારી સમિતિ, યુવા પાંખ, મહિલા મંડળ અને બ્રહ્મ સોશ્યલ ફોરમના હોદેદારો સભ્યો જોડાયાં હતાં. અક્ષય તૃતીયા એટલે અખાત્રીજના દિવસે ભગવાન પરશુરામ જન્મજયંતી હોય કેશોદ સમસ્ત બ્રહ્મસમાજ દ્વારા ભવ્ય શોભાયાત્રા સાજે પાંચ વાગ્યે કાઢવામાં આવશે અને શહેરમાં રાસગરબા ની રમઝટ બોલાવતાં પસાર થશે. કેશોદ શહેરના વિવિધ સામાજિક સંસ્થાઓ અને જ્ઞાતિ સમાજ દ્વારા ભૂદેવો નું સ્વાગત કરવામાં આવશે. કેશોદ સમસ્ત બ્રહ્મસમાજ ના પ્રમુખ રાજુભાઈ પંડ્યા એ તમામ ધર્મપ્રેમી ભાઈઓ બહેનો ને શોભાયાત્રામાં જોડાવા આમંત્રણ આપ્યું છે. કેશોદ સમસ્ત બ્રહ્મસમાજ દ્વારા ભગવાન પરશુરામ જન્મોત્સવ નિમિત્તે કાઢવામાં આવેલ બાઈક રેલી મા કેશોદ પોલીસ દ્વારા ચુસ્ત બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો હતો.

# દ્વારકાના ગોમતી કાંઠે દસ બાર ફુટ ઉચા મોજા ઉછળ્યા દરિયામાં આખરના પાણીનો કરંટ શરૂ થયો






(પ્રતિનિધી દ્વારા) દ્વારકા તા.૧૦ : દ્વારકાના સમુદ્રમાં આખરની ભરતી નો કરંટ શરૂ થય ગયો છે. સમુદ્રમાં આખરની ભરતી ના કારણે ગોમતી કાઠે દસ બાર ફુટ જેટલા ઉંચા મોજા ઉછળી રહ્યા છે. ભરતી સમયે ઘાટ ઉપરથી પાણીના વહેણ જઈ રહ્યા છે. યાત્રિકો ઘાટ પર બેસી દરિયાઈ મોજાની મોજ માણી રહ્યા તસવીરમાં કેદ થયા. આખરની ભરતીમાં ગોમતી નદીમાં કોઈ અનિર્છીય બનાવો ન બને તે માટે રેસ્કયુટીમ તેમજ સિક્યુરેટી ખડેપડે રહે તેવી માંગ ઉઠી છે.

# દ્વારકાધીશજીનો ભોગ બનતા ભંડારમાં નવનિર્મીત માટે આખરે આર્કોલોજી ડીપાર્ટમેન્ટ દ્વારા દેવસ્થાન સમિતીને મંજુરી અપાઈ





## દેવસ્થાન સમિત દ્વારા જર્જરીત ભોગ ભંડાર ધસવાનું કામ શરૂ કરાયું : પુજારી પરીવાર અને સમિતી દ્વારા ટુક સમયમાં ભોગભંડારનું ભુમી પુજન કરાશે


(પ્રતિનિધી દ્વારા)

દ્વારકા તા.૧૦

યાત્રાધામ દ્વારકાના જગત મંદિરના ભોગ ભંડારની છેલ્લા અંદાજીત દસ વર્ષ ઉપરાંત જર્જરીત હાલત જોવા મલતું હતું.

જે ભોગ ભંડારમાં દરરોજ દ્વારકાધીશજીને દિવસ દરમિયાન ધરાવવાતા અગિયાર જેટલા તેમજ છપ્પનભોગ, અક્કોટ મનોરથ, કુંડલાભોગ કુડ વારા મનોરથ જેવા વિવિધ પ્રકારના ભોગ પ્રસાદો ભોગ ભંડારમાં બનાવામાં આવે છે. ભોગ ભંડારમાં અંદાજીત ૧૦૦ થી ૧૨૦ પુજારી પરિવારની મહિલાઓ તેમજ વૈષ્ણવ લોકો ભોગ ભંડારના ઠાકોરજીના ભોગ પ્રસાદ બનાવતા હોય છે. જે ભોગ ભંડારના રૂમો અંદાજીત છેલ્લા દસ વર્ષ ઉપરાત થી જર્જરીત હાલમાં હોવાથી ત્યા પ્રસાદ બનાવતા વ્યતિઓ માટે ભોગભંડાર જોખમી પણ બન્યુ હતું. થોડા મહિનાઓ પહેલા પંદર થી વીસ ફુટ ઉચાઈથી એક મોટો પથ્થર નીચે પડતા સદનસીબે જાનહાની પણ ટળી હતી. ત્યારબાદ તાત્કાલીક ભોગ ભંડારમાં નવુ બાંધકામ કરવા દેવસ્થાન સમિતી દ્વારા આર્કોલોજી ડીપાર્ટમેન્ટ પાસે જર્જરીત ભોગ ભંડાર નવનિર્માણ કરવા મંજુરી માંગી હતી. અગાવ પણ અનેક વખત મંજુરી મંગાઈ હતી. હાલ આર્કોલોજીની વડોદરા સ્થિત ઓફિસેથી ભોગભંડાર નવનિર્મીત માટે મંજુરી મલતા દેવસ્થાન સમિતી દ્વારા જર્જરીત ભોગ ભંડાર ધસી પાડવા કામ હાથ ધરાયું છે. ટુક સમયમાં પુજારી પરીવાર તેમજ સમિતી દ્વારા નવનિર્મીત ભોગ ભંડારનું ભુંમી પુજન કરવામાં આવનાર હોવાનું જાણવા મળ્યું છે.

# સાળંગપુરધામ ખાતે શ્રી કષ્ટભંજનદેવ હનુમાનજી મંદિરમાં અખાત્રીજ નિમિતે યોજાયો ભવ્ય આમ્રોત્સવ





(પ્રતિનિધી દ્વારા)

સાળંગપુર તા.૧૦

શ્રી સ્વામિનારાયણ મંદિર વડતાલધામ સંચાલિત સુપ્રસિદ્ધ યાત્રાધામ સાળંગપુરધામ શ્રીકષ્ટભંજનદેવ હનુમાનજી મંદિર ખાતે શાસ્ત્રી સ્વામી શ્રી હરિપ્રકાશ દાસજી (અથાણાવાળા)ની પ્રેરણાથી તેમજ કોઠારી શ્રી વિવેકસાગરદાસજી સ્વામીના માર્ગદર્શનથી તાઃ-૧૦/૦૫/૨૦૨૪ને શુક્રવાર,વૈશાખ સુદ -૩ અખાત્રીજ( અક્ષયતૃતીયા) એવં પરશુરામ જયંતી નિમિતે શ્રીકષ્ટભંજનદેવ હનુમાનજી દાદાને વિશેષ શણગાર કરાયો છે. સવારે ૦૫:૪૦ કલાકે શણગાર આરતી પૂજારી સ્વામી (અથાણાવાળા)દ્વારા કરવામાં આવી હતી.

શ્રી હનુમાનજી દાદાને કેરીઓ ધરાવી તથા દાદાના સિંહાસનને ૨૦૦-મણ કેરીઓ દ્વારા શણગાર એવં ભવ્ય અન્નકૂટ કરવામાં આવ્યો હતો.બપોરના ૧૧:૦૦ કલાકે ‘‘ભવ્ય અમ્રોત્સવ’’ નિમિત્તે અન્નકૂટ આરતી પૂજારી સ્વામી (અથાણાવાળા) દ્વારા કરવામાં આવેલ. દાદાના વિશેષ આમ્રોત્સવ દર્શનનો લાભ અનેક હરિભકતોએ લઈ ધન્યતા અનુભવી હતી.

# ઓખામાં મહિલાના ઉપર દુષ્કર્મ ગુજારી, મારી નાખવાની ધમકી સબબ ચાર સામે ફરિયાદ

(પ્રતિનીધી દ્વારા)

જામખંભાળીયા તા.૧૦

ઓખા મંડળમાં રહેતા એક મહિલાને ગાંધીનગરી ભુંગા ખાતે રહેતા નાશીરઅલી તયબ બોલીમ નામના શખ્સે પ્રેમ જાળમાં ફસાવી અને લગ્ન કરવાની લાલચ આપી, તેણીની મરજી વિરુદ્ધ શરીર સંબંધ બાંધ્યો હતો. આ ઉપરાંત આરોપી નાશીરઅલી અને તેણીના માતા નુરજાન તયબ બોલીમએ પણ તેણીના પુત્ર નાસીર સાથે લગ્ન કરવાનું માંગુ નાખતા ફરિયાદી મહિલાએ આની ના પાડી દીધી હતી.

ત્યાર બાદ ઉપરોક્ત માતા-પુત્રએ તેણીને પોતાના ઘરે બોલાવી અને લગ્ન કરવા દબાણ કરી અને જો તેણી લગ્ન નહીં કરે તો બદનામ કરવાની તેમજ પરિવારને જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. આટલું જ નહીં, તેણીને ડરાવતા અન્ય આરોપીઓ શાબીર કાદરમીયા હુશેન સૈયદ (રહે. મૂળ ઓખા, હાલ મોરબી) અને કાજલ ઉર્ફે આરજુ શાબીર કાદરમીયા હુસેન દ્વારા ફરિયાદી મહિલાની મરજી વિરુદ્ધ તેના ઘરેથી મોરબી લઈ જઈ અને અહીં આરોપી નાશીરઅલી બોલીમએ તેણીની મરજી વિરુદ્ધ શરીર સંબંધ બાંધી અને દુષ્કર્મ ગુજારવા ઉપરાંત તેણીને લગ્ન કરવા માટેનું દબાણ કર્યાની તથા જો આ બાબતે કોઈને જાણ કરશે તો તેણીને જાનથી મારી નાખવાની ધમકી આપ્યાની ફરિયાદ ભોગ બનનાર મહિલા દ્વારા ઓખા મરીન પોલીસ મથકમાં નોંધાવવામાં આવી છે. જે અંગે પોલીસે મહિલાઓ સહિત તમામ ચાર શખ્સો સામે આઈ.પી.સી. કલમ ૩૭૬, ૩૬૬, ૩૪, ૫૦૬ (૨) વિગેરે મુજબ ગુનો નોંધી, આરોપી નાશીરઅલી તયબ અને નૂરજાન તયબ બોલીમની અટકાયત કરી, આગળની તપાસ પી.એસ.આઈ. આર.આર. આર ઝરૂ દ્વારા હાથ ધરવામાં આવી છે.

# એપોલો ઈન્ટરનેશનલ સ્કૂલ- વિસાવદરનું ૧૨ સાયન્સનું ૧૦૦ ટકા પરિણામ



(વિનુ પુરોહિત દ્વારા)

વિસાવદર તા.૧૦

એપોલો ઈન્ટરનેશનલ સ્કૂલ-વિસાવદરની વિધાર્થીની ચૌહાણ વિશ્વા શૈલેશભાઈએ ૧૨ સાયન્સમાં ૯૯.૪૬ PR મેળવી શાળા અને વિસાવદર તાલુકાનું ગૌરવ વધારેલ છે.માર્ચ ૨૦૨૪ નું એપોલો સ્કૂલનું ૧૨ સાયન્સનું ઝળહળતું ૧૦૦% પરિણામ મેળવી શાળા પરિવાર તેમજ ચૌહાણ વિશ્વા ને આચાર્ય અને સંચાલકે શુભેચ્છા પાઠવી છે.


## :::: જાહેર નોટીસ ::::

આથી લગતા વળગતા તમામ આસામીઓને આ જાહેર નોટીસ થી જાણ કરવાની કે.........

શ્રી ગુજરાત રાજયના જુનાગઢ જીલ્લાના તાલુકા જુનાગઢના શહેર જુનાગઢ મહાનગરપાલિકા હદ માં ઝાંઝરડા રોડ ઉપર જુનાગઢના રેવન્યુ સર્વે નંબર-૧૧૭ ની સીમ જમીન એકર ૩-૨૭ ગું. રહેણાંક હેતુ માટે બિનખેતી થયેલ જમીનના મંજૂર થયેલ લે-આઉટ પ્લાન મુજબના પ્લોટ નંબર-૧૮ ની જમીન ચોરસ મીટર ૮૪,૦૦ આ. ના થી.વાર ૧૦૦.૪૬ આશરેની જમીનમાં આવેલ મિલકતનું મકાન જેનું બાંધકામ ક્ષેત્રફળ ચો.મી. ૫૨,૭૭ આ છે. તે સદરહુ મિલકત અમારા અસીલ શ્રી નરેન્દ્રભાઈ મગનલાલ રાજા તથા શ્રી જયશ્રીબેન નરેન્દ્રભાઈ રાજા ની માલીકીની છે હવે આ મિલકતના ઉતરોતરના દસ્તાવેજો પૈકી રજી. વેચાણ દસ્તાવેજ અનુ. નંબર- ૨૦૯૫ તા. ૦૭/૦૪/૨૦૦૩ શ્રી શ્રી ડેનીશભાઈ દલસુખભાઈ મૃગ એ શ્રી જયવંતભાઈ અમૃતલાલ બાવીશી પાસેથી ખરીદ કરેલ. તે સદરહુ અસલ વેચાણ દસ્તાવેજ હાલ ઘણું શોધવા છતાં મળી આવતા નથી તો આ બાબતે કોઇને કોઇ પણ પ્રકારનો વાંધો તકરાર હોય, કે કોઈનું હિત, ચાર્જ, બોજો કે લેણું હોય કે કોઈ નાણાંકીય સંસ્થાનું કરજ બીજો કે કોઇ લોન હોય કે કોઈનો ખોરાકી પોષાકીનો હકક હોય કે વારસાઇ હકક કે અન્ય કોઇની જામીનગીરી કે ગીરો હોય કે ઓ રદ કરેલ હોય કે સદરહુ વેચાણ દસ્તાવેજ થી થયેલ વ્યવહારો અંગે કોઈને વાંધો તકરાર હોય કે સદરહુ મિલકત કોઈ બેંક પાસે ગીરો થયેલ હોય કે વ્યક્તિગત ગીરો થયેલ હોય કે તે અંગે કોઇ સાટા કરાર થયેલ હોય કે સદરહુ દર્શાવેલ મીલકત અંગે કોઇને કોઇ પણ પ્રકારનો વાંધો તકરાર હોય, તો આ નોટીસ પ્રસીધ્ધ થયે દિવસ (૭) સાત માં સપુર્ણ લેખીત આધાર પુરાવા સાથે નીચેના સરનામે જાણ કરવી તેમ કરવામાં કસુર થયેથી આ અંગે કોઇને વાંધો તકરાર નથી અથવા હોય તો જતો (waive) કરેલ છે તેમ માની અમારા અસીલ ને સદરહુ મીલકત ઉપર લોન માટેની પ્રક્રિયા પુરી કરશે ત્યારબાદ કોઈના વાંધા તકરાર અમારા અસીલને બાંધનકર્તા રહેશે નહી જેની જાહેર જનતા અને લાગતા વળગતાઓએ સ્પષ્ટ નોંધ લેવી.

અમારા અસીલશ્રીની ફરમાઈશ અને સુચનાથી સુચના મુજબ અમારા મારફત.

કલ્પા એન. મોરી (એડવોકેટ)
ફ્લેટ નંબર-૧૦૨/એ, માર્વલ ગોલ્ડ એપાર્ટમેન્ટ,
ગીરીરાજ મેઈન રોડ, જુનાગઢ.
મો. ૯૦૧૬૦૬૮૯૨૨

કલ્પા એન. મોરી
(એડવોકેટ)

# જૂનાગઢમાં ભગવાન પરશુરામજીનાં પ્રાગટયોત્સવની ભવ્ય ઉજવણી : શોભાયાત્રા યોજાઈ




જૂનાગઢ તા.૧૦

જૂનાગઢ સહિત સૌરાષ્ટ્રમાં આજે ભગવાન પરશુરામજીનાં પ્રાગટયોત્સવની ભવ્ય ઉજવણી કરવામાં આવી છે. અનેકવિધ કાર્યક્રમો યોજવામાં આવી રહયા છે. જૂનાગઢમાં આજે શોભાયાત્રા યોજવામાં આવી રહી છે. બ્રહ્મ સમાજના આરાધ્ય દેવ ભગવાન પરશુરામનાં પ્રાગટયોત્સવની સમસ્ત બ્રહ્મ યુવા સંગઠન ટ્રસ્ટ દ્વારા ઉજવણી કરવામાં આવી રહી છે. બ્રહ્મ સમાજના ઈષ્ટદેવ ભગવાન પરશુરામજીના પ્રાગટયો મહોત્સવની જૂનાગઢ સહિત સૌરાષ્ટ્રભરમાં ઉત્સાહભેર ઉજવણી કરવામાં આવી રહી છે. સાથે અનેકવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવેલ છે. જૂનાગઢમાં ગઈકાલે બાઈક રેલી યોજાઈ હતી તેમજ આજે શોભાયાત્રા યોજાશે.

દર વર્ષની જેમ આ વર્ષે પણ ભૂદેવોના આરાધ્ય દેવ ભગવાન પરશુરામના પ્રાગટયોત્વસની સમસ્ત બ્રહ્મ યુવા સંગઠન ટ્રસ્ટ દ્વારા ઉજવણી કરવામાં આવી રહી છે. મુક્તાનંદ બાપુના અધ્યક્ષસ્થાને અને ડો. મહાદેવપ્રસાદ મહેતા, મહેશગિરી બાપુ વગેરે સંતોની ઉપસ્થિતીમાં બાઈક રેલી, મહા આરતી, શોભાયાત્રા સહિતના કાર્યક્રમો યોજાઈ રહયા છે. ગઈકાલે બપોરના ૩:૩૦ વાગ્યે સ્વસ્તિક રેસ્ટોરન્ટ એન્ડ ટી કિટલી, સાકાર રેસીડેન્સી મધુરમથી બાઈક રેલી યોજાયેલ જે મધુરમ મેઈન રોડ, દિપાંજલી, મોતીબાગ, સરદાર બાગ, ઝાંઝરડા રોડ, ગિરીરાજ, જોષીપરા, દોલતપરા, મજેવડી દરવાજા,ગિરનાર દરવાજા થઈ પરશુરામ ચોક ખાતે સંપન્ન થયેલ. જયાં મહા આરતી અને બાદમાં તમામ ભૂદેવો માટે ધાર્મિક ફાર્મમાં બ્રહ્મ ભોજન સમારંભ યોજાયેલ હતો. તેમજ આજે બપોરના ૩:૩૦ વાગ્યાથી તળાવ દરવાજા સ્થિત જાગનાથ મંદિરેથી શોભાયાત્રા શરૂ થશે. વિવિધ ફ્લોટસ, સમસ્ત બ્રહ્મ યુવા સંગઠન ટ્રસ્ટ મહિલા પાંખના બહેનોની તલવાર બાજીના દાવપેચ, ભૂદેવ બાળાઓ દ્વારા તૈયાર કરાયેલ રંગોળી લોક આકર્ષણનું કેન્દ્ર બનશે.તળાવ દરવાજાથી શરૂ થયેલી શોભાયાત્રા આઝાદ ચોક, કાળવા ચોક, સરદાર ચોક, કોલેજ રોડ થઈ ભવનાથ મંદિરે સંપન્ન થશે. અહિં તમામ ભૂદેવો માટે બ્રહ્મ ભોજનનું આયોજન કરાયું છે. કાર્યક્રમને સફળ બનાવવા બ્રહ્મ યુવા સંગઠન ટ્રસ્ટના સંસ્થાપક જયદેવ જોષી, કાર્તિક ઠાકર,મનિષ ત્રિવેદી, પી.સી. ભટ્ટ, વિરેન્દ્ર જોષી, પરાગ પંડ્યા તેમજ ભૂદેવોની સમગ્ર પેટા જ્ઞાતિના યુવક મંડળના સભ્યો બે માસથી જહેમત ઉઠાવી રહ્યા છે.

# આગામી ચોમાસા પહેલા જૂનાગઢને પાણી પુરૂં પાડતા ત્રણેય ડેમો ઉંડા ઉતારવા રજુઆત







જૂનાગઢ તા.૧૦

જૂનાગઢને પાણી પુરૂં પાડતા ત્રણેય ડેમો હસનાપુર ડેમ વિલિંગડન ડેમ, સુદર્શન તળાવ તેમજ આણંદપુર ડેમમાં હાલ પાણીનું પ્રમાણ ઓછું છે તેથી જ્યાં જરૂર પડે ત્યાં ત્યાં ફોરેસ્ટ ડિપાર્ટમેન્ટની મંજૂરી મેળવી તાત્કાલિક હસનાપુર ડેમ વિલિંગડન ડેમ માંથી કાંપ કાઢી તાત્કાલિક ચોમાસા પહેલા પાણીનો સંગ્રહ વધે તે માટે કરવું જોઈએ ભૂતકાળમાં વિલિંગડન ડેમ ખોદવા માટે મંજૂરી મેળવેલ છે તે મંજૂરી તાત્કાલિક રિફર કરી અથવા મંજૂરીની જરૂર ન હોય તો તાત્કાલિક કામો ચાલુ કરાવવા અશ્વિન મણિયારે કમિશ્નરને પત્ર પાઠવી રજુઆત કરી છે. પત્રમાં વધુમાં જણાવાયું છે કે, ચૂંટાયેલા કોર્પોરેટરો માંથી બે પાંચ કોર્પોરેટરને બાદ કરતાં બાકીના કોર્પોરેટરો કરોના ને કારણે સ્તબ્ધ બનેલા છે અને કોર્પોરેશનની અતિ ગંભીર અને જરૂરિયાતવાળી બાબત પ્રત્યે ધ્યાન આપી શકતા ન હોય ના છૂટકે અમારે જૂનાગઢના હિત માં આપશ્રીનું ધ્યાન દોરવા ની ફરજ પડેલ છે. હું વર્તમાન કોર્પોરેશનની પરિસ્થિતિ સમજુ છું તેથી આપના તાબા ના કર્મચારી કે અધિકારી આપનું કેટલું કહ્યું કરશે તેની ખબર નથી પણ જૂનાગઢના સામાન્ય નાગરિક તરીકે ધ્યાન દોરૂં છું

નરસિંહ સરોવરને પણ ઊંડું ઉતારી શકાય તેમ છે અને આજુબાજુના ચાર પાંચ કિલોમીટરના એરિયાનો કેચમેન્ટ આવેલ છે ભૂતકાળમાં પહેલો ખાડો ભરાય ત્યારે નાંદરખીની સીમમાં ભર ઉનાળે પાણી નીકળ્યું હતું ઘાંચી પટ, તળાવ દરવાજા વગેરે એરિયામાં પાણીના તળ ઊંચા આવે તેમ છે આ બાબતે યુદ્ધના ધોરણે કામ કરી જરૂર પડે સરકારી ગ્રાન્ટ મેળવી આ કામગીરી વેગવંતી બનાવવા અમારી નમ્ર વિનંતી છે. પાણીના સ્તર ખૂબ નીચા ગયા હોય જૂનાગઢના અન્ય તળાવ સાબલપુર તળાવ, નીચલા દાતારનું તળાવ , પરી તળાવ, ઝાંઝરડાનું તળાવ જ્યાં જ્યાં કાંપ કાઢવાની જરૂર હોય ત્યાંથી કાંપ કઢાવી ચોમાસા પહેલા આગોતરુ આયોજન થવું જરૂરી છે.

આ ઉપરાંત જૂનાગઢના ૨૧ જેટલા વોંકળાઓ માં ભરાયેલ કાંપ અને કદડો પણ તાત્કાલિક સફાઈ કરવાની જરૂર છે જેથી વરસાદી પાણી જમીનમાં ઉતરી શકે આ બાબતે પણ આપણા કર્મચારીઓ સાથે મિટિંગ કરી આ બાબતે યોગ્ય કરવા અશ્વિન મણીયારે રજુઆત કરી છે.

# સોનીબજારોમાં શુકનથી લઈને રોકાણ અને પ્રસંગની ખરીદી થશે

**સલામત રોકાણ ગણાવી સોનામાં હવે ઉંચા રોકાણનું આકર્ષણ ઉમેરાયું : ભાવ ૮૦૦૦૦ સુધી જવાની શકયતા**




**૧૪થી૧૮ કેરેટ જવેલરીનો વધ્યો ટ્રેન્ડ : હોલમાર્ક અને જીએસટી સાથેના બિલની પણ જાગૃતિ વધી**

## આજે અક્ષય તૃતીયા: ૧ વર્ષમાં સોનાએ ૨૦% વળતર આપ્યું

જૂનાગઢ તા. ૧૦


સોનાના ભાવ ગમે તેટલા વધે પણ ભારતમાં તેનું આકર્ષણ સતત રહે છે અને આજે અક્ષય તૃતીયાએ પણ ફરી બજારમાં શુકન સહિતના સોનાની અસર જોવા મળશે અને સોનાના ઘરેણા ઉપરાંત સોનાના સિકકા તથા રોકાણના નવા વિકલ્પ તરીકે ગોલ્ડ ઈપીએફમાં પણ સારી ખરીદીની આશા છે તો અક્ષય તૃતીયાના અવસરે નાના જવેલર્સથી લઈને મોટા બ્રાન્ડેડ શોરૂમ દ્વારા પણ ગ્રાહકોને આકર્ષવા અનેક ઓફરો કરવામાં આવી રહી છે.


ગત અક્ષય તૃતીયાએ સોનાના ભાવ રૂા.૫૯૮૪૫ પ્રતિ ૧૦ ગ્રામ હતો જે તા.૯ મે ના રોજ રૂા.૭૧૫૯૫ નોંધાયો છે. આમ એક વર્ષમાં સોનામાં ૨૦% જેટલું રોકાણ વળતર આપ્યુ છે અને હજુ સોનુ ૮૦૦૦૦ને પાર જોવા મળી શકે છે અને સારા રીટર્નના કારણે હવે સોના આધારીત મ્યુચ્યુઅલ ફંડમાં પણ રોકાણ વધ્યુ છે.

આ વર્ષે ગુજરાતમાં સોનાનું વેચાણ ૨૨૫ કિલો આજે અક્ષય તૃતીયાએ રહેવાની ધારણા છે. જો કે તે ગત વર્ષના અક્ષયતૃતીયા કરતા અડધું જ હશે. ઉંચા ભાવના કારણે સોનામાં રોકાણ કરનારમાં ભાવ ઘટે તેની રાહ જોઈ રહ્યા છે.

# જૂનાગઢની યશોગાથા ગાવાનો અનોખો કાર્યક્રમ યોજાશે











જૂનાગઢ તા.૧૦

આવતીકાલે રાત્રિના ૮:૦૦ કલાક થી જૂનાગઢ સ્થિત લોઢિયા વાડીનાં સભા ખંડ બીજો માળ ખાતે ગુજરાત રાજ્ય સંગીત નાટક અકાદમી ગાંધીનગર અને બી એસ ઈવેન્ટ દ્વારા "ગઢ જૂનો ગિરનાર" કાર્યક્રમાં જૂનાગઢ અને ગિરનારની યશો ગાથા ગાવા અને વાગોળવાનો અનોખો કાર્યક્રમ નામાંકીત કલાકારો સુ શ્રી નીરુ વે, હિમાંશુ મકવાણા, દર્પિત દવે, અવધ ભટ્ટ, ધ્વનિત ત્રિવેદી દ્વારા વિવિધ રચનાઓ નું ગાન અને જૂનાગઢ અને ગિરનારના ઐતિહાસિક મહત્વ વિશે જાણીતા લોક ગાયક અને સાહિત્યકાર શ્રી રાજુ ભટ્ટ રસપ્રદ વાતો કરશે, કાર્યક્રમનાં અધ્યક્ષ સ્થાને શ્રી ચેતન ત્રિવેદી, કુલપતિ શ્રી ભક્ત કવિ નરસિંહ મહેતા યુનિ તથા ઉદઘાટક શ્રી હર્ષદ મહેતા, જિલ્લા પોલીસ અધિક્ષક શ્રી, અતિથિ તરીકે જીતુભાઈ ભીંડી, હેમંત નાણાવટી, કવિ શ્રી મહેન્દ્રસિંહ પઢિયાર, જયકિશન દેવાણી, સુ શ્રી એન. ડી વાળા, વિપુલ ત્રિવેદી, સંગીતકાર, અમિત ચરાડવા, રાજુભાઈ ભોજાણી, અર્મીશાબેન માંકડ ઉપસ્થિતિ રહેશે, કાયક્રમ માં જૂનાગઢના કલારશિક નગરજનોને ઉપસ્થિત રેહવા આયોજક સંસ્થા તરફથી જાહેર નિમંત્રણ પાઠવેલ છે.

# ભેંસાણનાં ભાટગામે વોટસઅપમાં મેસેજ બાબતે બબાલ

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢ તા.૧૦

ભેંસાણ તાલુકાનાં ભાટગામનાં મનીષાબેન લાલજીભાઈ મકવાણાએ લાલજીભાઈ નવલદાસ નેનુજી, ઈલાબેન લાલાજીભાઈ નેનુજી સામે ફરીયાદ નોંધાવતાં જણાવેલ છે કે આ કામનાં આરોપી નં. ૧ને આ કામના સાહેદ દિનેશભાઈ સાથે બે દિવસ પહેલા વોટસઅપમાં મેસેજ કરવાના કારણે બોલાચાલી ઝગડો થયેલ હોય જે બાબતનું મનદુઃખ રાખી આ કામનાં આરોપી ફરીયાદીનાં ઘરે જઈ જેમ ફાવે તેમ ભુંડી ગાળો આપતા ફરીયાદી તથા સાહેદ વનીતાબેન આરોપીનાં ઘરે સમજાવવા જતા બંને આરોપીઓ ઉશ્કેરાઈ જઈ ફરીયાદી તથા સાહેદને જેમ ફાવે તેમ ભુંડી ગાળો આપી છુટા પથ્થરોના ઘા કરી ફરીયાદીને માથાના ભાગે ઈજા કર્યાની ફરીયાદ નોંધાવતાં ભેંસાણનાં પો.હે.કો. એસ.એન. વાણીયાએ વધુ તપાસ હાથ ધરી છે.

**કેશોદ : અપહરણની ફરીયાદ**

કેશોદ તાલુકાનાં ચર ગામે સગીરવયની પુત્રીને લલચાવી ફોસલાવી લગ્ન કરવાની લાલચ આપી બદકામ કરવાનાં ઈરાદે ભગાડી જનાર લાલો દિનેશ કુવાડીયા (રહે. કેશોદ) સામે ફરીયાદ નોંધાવતાં કેશોદનાં પીઆઈ એ.બી. ગોહીલે વધુ તપાસ હાથ ધરી છે.

**માળીયાહાટીના : ટ્રકે હડફેટે લેતા ઈજા**

માળીયા હાટીનાનાં અજયભાઈ કમલેશભાઈ મકવાણાને ટ્રક નં. જીજે-૧૦-ઝેડ ૭૯૩૦નાં ચાલકે ગફલતભરી રીતે ચલાવી અજયભાઈની મોટર સાયકલ સાથે ભટકાવતાં પગમાં તથા ડાબી બાજુ નેણના ઉપરના ભાગે ઈજા કરી નાસી ગયાની ફરીયાદ નોંધાવતાં ચોરવાડનાં પો.હે.કો. એચ.બી. ડોડીયાએ વધુ તપાસ હાથ ધરી છે.

**જૂનાગઢમાંથી મોપેડ ચોરાયું**

જૂનાગઢનાં આદર્શનગરમાં રહેતા કુનાલભાઈ માધવદાસ છતવાણીનું મોપેડ નં. જીજે-૧૧-બીએલ ૨૫૩૦ કિંમત રૂા. ૩૦ હજારનું ગાયત્રી મંદિર પાસે લક્ષ્મણ ટેકરી પાસેની દિવાલ પાસે પાર્ક કરેલ હતું જે કોઈ ચોરી કરી ગયાની ફરીયાદ નોંધાવતાં ભવનાથ પોલીસ સ્ટેશનનાં પો.હે.કો. કે.એ.ઝાલાએ તપાસ હાથ ધરી છે.

# જૂનાગઢ એસટી બસ સ્ટેન્ડ ખાતે કાઠી ક્ષત્રિય સમાજ દ્વારા મુસાફરો માટે શરબત વિતરણનો



જૂનાગઢ તા.૧૦ : ગઈકાલે સુરજદાદા સાડા ત્રણ દિવસ ઉપવાસ નિમિતે જુનાગઢ એસ ટી બસ સ્ટેન્ડ ખાતે એસ ટી કાઠી ક્ષત્રિય સમાજ દ્વારા સુરજદાદા ની પુજા અર્ચના કરવામાં આવી હતી અને બસ સ્ટેન્ડ ખાતે આવતા જતા મુસાફરો માટે શરબત વિતરણ નો કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો અને આ કાર્ય ક્રમ માં જુનાગઢ એસ ટી નાં અધીકારી કર્મચારીઓ હાજર રહ્યા હતા આ કાર્યક્રમ ને સફળ બનાવવા માટે કાઠી ક્ષત્રિય સમાજ કર્મચારીઓ દ્વારા જોહમત ઉઠાવવામાં આવી હતી.

# વિસાવદરમાં સંયુકત પાણીનાં દારમાં પાણી વાળવાની ના પાડતાં ધમકી આપી

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢ તા.૧૦

વિસાવદરમાં રહેતા પ્રફુલભાઈ ધીરૂભાઈ રીબડીયાએ રાજેશ વલ્લભભાઈ રીબડીયા, સંગીતાબેન રાજેશભાઈ રીબડીયા, અશ્વીનભાઈ કથીરીયા અને અશ્વીનભાઈ કથીરીયાનો દિકરા સામે નોંધાવેલી ફરીયાદમાં જણાવેલ છે કે આ કામનાં ફરીયાદી તથા આરોપી નં. ૧ની ખેતીની જમીનમાં સંયુકત પાણીનો દાર હોય તે પાણીનાં સંયુકત દારમાંથી ફરીયાદીને પાણી વાળવાનો વારો હોય તે બાબતે આ કામના આરોપી નં. ૧ ફરીયાદીને પાણી વાળવાની ના પાડી આરોપી નં. ૧ ઉશ્કેરાઈ જઈ ફરીયાદીને ભુંડી ગાળો આપી આરોપી નં. ૩ તથા ૪નાએ ફરીયાદીને પકડી રાખી આરોપી નં. ૧નાએ ઈંટ તથા ચાકુ વડે પેટનાં જમણા ભાગે તથા જમણા પગના ગોઠણ ઉપર ઈજા કરી આ કામનાં સાહેદો વચ્ચે પડતા આરોપી નં. ૨નાએ સાહેદને ઢીકાપાટુનો મુંઢ માર મારી તથા આરોપી નં. ૧એ ફરીયાદીને છુટ્ટી ઈંટ મારી સાહેદોને જાનથી મારી નાખવાની ધમકી આપ્યાની ફરીયાદ નોંધાવતાં વિસાવદરનાં પીએસઆઈ એસ.આઈ. સુમરાએ વધુ તપાસ હાથ ધરી છે.

# જૂનાગઢમાંથી પાંચ મહીલા જુગાર રમતા ઝડપાઈ

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢ તા.૧૦

બિલખા રોડ આંબેડકરનગર હનુમાન ચોક પાસે ગલીમાં જાહેરમાં લાઈટનાં અજવાળે ગેરકાયદેસર રીતે જુગાર રમતા હેમીબેન ચુડાસમા, રંજનબેન રાઠોડ, નીમુબેન ચાવડા, કીરણબેન ગોહેલ અને કમળાબેન રાઠોડને પોલીસે રેડ દરમ્યાન રોકડા રૂા. ૪૫૧૦ સાથે એ ડીવીઝન પોલીસે ઝડપી લઈ જુગારધારા અંતર્ગત વધુ કાર્યવાહી હાથ ધરી છે.

ઓફર...ઓફર... M. 99787 06355 ☎: (૦૨૮૫) ૨૬૨૭૩૬૨
તમારૂ જુનુ TV, LED TV, ફ્રીઝ, વોશીંગ મશીન, ઘરઘંટી દઈને નવું લઈ જાવ.


બીના ઈલેક્ટ્રોનિક્સ
MI-GL, સોની, વર્લપુલ, સેમસંગ, પ્રાઈમવર્ક.
LED ટીવી, ફ્રીઝ, A/C, વોશીંગ મશીન, ઘરઘંટી, હોમથીએટર, DJ
0% ફાઈનાન્સ 0% ડોક્યુમેન્ટ ચાર્જ
જે.પી. ચોટાઈ કોમ્પ્લેક્ષ, અન્કર શાઉન્ડ, વણઝારી ચોક, જૂનાગઢ.
માણસો જોઈએ છે આકર્ષક પગાર ધોરણે.